**આજનો સુવિચાર**

સંસાર સાથે સત્તા, સંપત્તિ, સગવડ અને સંઘર્ષનો પણ ત્યાગ એનું નામ સાચો સંન્યાસ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧૩ જૂનાગઢ તા.૨૯-૪-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 113, Junagadh : Date : 29 April, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### છેલ્લા ૨૪ કલાકમાં રાજયનાં ૬૪ તાલુકામાં વરસાદ નોંધાયો : આગામી પાંચ દિવસ સુધી ૧૮ જીલ્લામાં કમોસમી વરસાદની આગાહી

# ભર ઉનાળે ચોમાસુ : વહેલી સવારે રાજયમાં ઠેરઠેર ધોધમાર વરસાદ






## જસદણમાં એક કલાકમાં ૨ ઈંચ, ધ્રોલમાં ૧.૫ ઈંચ વરસાદ ખાબકયો : ગોંડલમાં પણ ગાજવીજ સાથે વરસાદ : માર્કેટીંગ યાર્ડમાં મરચા, જીરૂ, ઘઉં, કપાસ સહિતની જણસોને ભારે નુકશાન : ખેડૂતોનાં મોઢામાં આવેલો કોળીયો ઝુંટવાયો : વેપારીઓમાં ભારે દોડધામ : અમદાવાદ, રાજકોટ, જામનગર, કચ્છ, જૂનાગઢ, અરલ્લ્લી, સાબરકાંઠા, ગીર સોમનાથ જીલ્લામાં કમોસમી વરસાદ

અમદાવાદ તા. ૨૯

ગુજરાતમાં હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈકલોનિક સર્ક્યુલેશનને કારણે વિવિધ જીલ્લામાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે જસદણમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જસદણમાં વીજળીના કડાકા સાથે એક કલાકમાં બે ઈંચ જેટલો વરસાદ વરસતાં રોડ-રસ્તા પર પાણી ફરી ગયાં હતાં. ખારી નદીમાં પૂર આવ્યું હતું. ધ્રોલમાં આજે સવારે ૧૦ કલાકે ૧.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી તરફ, અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, જામનગર, કચ્છ, ગાંધીનગર, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, ગોંડલ, કોડીનારમાંપણ મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તલ, બાજરો, જુવાર સહિતમાં ઉનાળુ પાકને નુકસાન થવાની ભીતિસેવાતાં ખેડૂતો ચિંતામાં મુકાયા છે. જસદણ ઉપરાંત આટકોટ, કનેસરા કોઠી, વીરનગર, બળધુઈ, પાંચવડા, જીવાપર, જંગવડ સહિતના આસપાસના ગ્રામ્ય પંથકમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. નોંધનીય છે કે હવામાન ખાતાની આગાહી મુજબ, સોમવાર સુધી હજુ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના છે. ક્યાંક હળવાં ઝાપટાં હશે તો કેટલાક વિસ્તારમાં બે ઈંચ સુધી વરસાદ પડી શકે છે.

જેતપુરના ખીરસરા, ખજુરીગુદાળા, સ્ટેશન, વાવડી, અમરનગર સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. વહેલી સવારથી વરસાદ શરૂ થતાં લોકોને ગરમીથી રાહત મળી હતી. ઉનાળમાં ગરમીથી બચવા માટે લોકો ફળિયા અને ખેતરમાં ખુલ્લી જગ્યામાં સૂવે છે. રાતે વરસાદ પડતાં તેમણે ઘરમાં ભાગવું પડ્યું હતું.

ગોંડલ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ શરૂ થયો હતો. કેટલાક વિસ્તારોમાં ચોમાસાની માફક ગાજવીજ સાથે વરસાદ વરસતાં લોકોને સુખદ આશ્ચર્ય થયું હતું. ગાજવીજ અને પવન સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદને કારણે વીજળી ડૂલ થઈ હતી. લોકોએ અંધારામાં રહેવું પડ્યું હતું. ગોંડલ શહેર અને ગ્રામ્યના મુખ્ય રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યાં હતા. સમગ્ર પંથકમાં ભરઉનાળે ચોમાસા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. એક કલાકથી પણ વધુ સમયથી ધોધમાર વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. બે દિવસથી ભરઉનાળે વાદળછાયું વાતાવરણ હતું. વરસાદની આગાહીને કારણે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે.

શિયાળુ પાક તૈયાર થઈ જતાં ખેડૂતો તેનું વેચાણ કરવા માટે માર્કેટિંગ યાર્ડમાં આવી રહ્યા છે. ત્યારે અચાનક વરસાદ વરસતાં ગોંડલ યાર્ડમાં મરચાં, જીરું, ઘઉં, કપાસ સહિતના પાક પલળી ગયા હતા. મોઢામાં આવેલો કોળિયો છીનવાતો જોઈ ખેડૂતો ચિંતામાં મુકાયા હતા તેમજ માર્કેટ યાર્ડમાં ખેડૂતો અને વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

કમોસમી વરસાદથી એરંડા, રાજગરો, બાજરી, કેરી, દાડમ, સક્કરટેટી, તડબૂચ, ઈસબગોલ, ઘઉં સહિતના પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. એક તરફ, ખેડૂતોએ સારા ભાવની આશાએ મોંઘાં બિયારણો લાવી આ વર્ષે વાવેતર કર્યું હતું, પરંતુ ખેડૂતોની આશા પર કુદરતી આપત્તિએ મોટું નુકસાન કર્યું છે. રાજકોટ જિલ્લાના મોટા ભાગનાં ગામડાંમાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને મોટું નુકસાન થયું છે.

હવામાન વિભાગ દ્વારા તારીખ ૨૭, ૨૮, ૨૯, ૩૦એપ્રિલ અને ૦૧ મે એમ સતત પાંચ દિવસ માટે કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે, જેમાં આજરોજ રાજ્યના બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા, તાપી, ડાંગ, સુરત, નવસારી, વલસાડ, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, મોરબી, દેવભૂમિ-દ્વારકા, જામનગર અને કચ્છ સહિતના જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં પણ આજે વહેલી સવારથી વાતવરણમાં પલટો આવ્યો છે. જિલ્લાના દરિયાઈપટ્ટી વિસ્તારમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે, જેમાં વાયોર, નલિયા,કંડલા, મુન્દ્રા પોર્ટ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. હવામાન ખાતાના જણાવ્યાનુસાર, પાકિસ્તાન પર સાઈક્લોનિક સર્ક્યુલેશન છે, જ્યારે રાજસ્થાન પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે, જેને કારણે સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલટો આવ્યો છે. સોમવાર સુધી રાજકોટ, જૂનાગઢ, બોટાદ, ભાવનગર, અમરેલી, મોરબી, દ્વારકા, જામનગર સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ પડશે તેમજ જ્યાં વરસાદ પડશે ત્યાં ભારે પવન અને ગાજવીજની આગાહી હોવાથી લોકોને બિનજરૂરી ઘરની બહાર નહીં નીકળવા માટેની તાકીદ કરાઈ છે.

### બેટી બચાઓ માત્ર કાગળ ઉપર :

# ગુજરાતમાં ૧૦૦૦ બાળકો સામે બાળકીઓનો જન્મદર માત્ર ૯૦૯

ગાંધીનગર તા.૨૯ : સ્ત્રી-પુરૂષ વચ્ચેનાંભેદભાવ રોકવા માટે અનેક કાયદા હોવા છતાં ગુજરાતમાં બાળકીઓના જન્મદરમાં ઘટાડો નોંધાયો છે.બાળકીઓનાં જન્મદર તથા સેકસ રેશીયોમાં ગુજરાત નીચલા ક્રમેથી ઉંચા નંબરે હોવાનું જાહેર થયુ છે. કેન્દ્ર સરકારનાં રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૧૦૦૦ છોકરાઓનાં જન્મની સામે બાળકી-છોકરીઓની સંખ્યા માત્ર ૯૦૯ જ છે. ૧૦૦૦ બાળકોએ બાળકીઓનો સૌથી ઓછો ૮૮૦ જન્મદર મણીપુરમાં છે.બીજા ક્રમે ૮૯૮ દીવ-દમણ દાદરાનગર હવેલીનો છે. ત્રીજો ક્રમ ગુજરાતનો છે. ગુજરાતનાં પાડોશી રાજયો રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં સ્થિતિ ઘણીસારી છે. રાજસ્થાનમાં ૧૦૦૦ બાળકો સામે બાળકીઓનો જન્મદર ૯૫૨ તથા મધ્યપ્રદેશમાં ૯૨૧ છે. ૨૦૧૯ માં ગુજરાતમાં ૯૧૦ નો સૌથી ઓછો સેકસ રેશીયો હતો.ત્યારબાદ આસામ ૯૦૩, મધ્યપ્રદેશ ૯૦૫ તથા જમ્મુ-કાશ્મીર ૯૦૯ નો ક્રમ આવતો હતો. ૨૦૦૮ માં ૮૯૭બાળકીઓના જન્મદર સાથે ગુજરાત પાંચમા સ્થાને હતુ. નેશનલ ફેમીલી હેલ્થ સર્વેના ૨૦૧૯-૨૦ના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં પ્રતિ મહિલા દીઠ બાળકોની સંખ્યાની ૧.૯ની છે. ગુજરાતમાં ૨૦૦૧ માં ૧૦૦૦ બાળકો સામે બાળકીઓનો જન્મદર ૮૮૬ છે. ૨૦૧૧ માં ૮૯૦ હતો. સરકારે સ્ત્રી જન્મદર વધારવા, ભ્રુણહત્યા રોકવા ગર્ભપરિક્ષણ પર રોક સહીતનાં પગલા લીધાછે.નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે જાતિને ભેદભાવ દુર કરવા માટે હજુ શ્રેણીબદ્ધ અને વિવિધ મોરચે પગલા લેવાની જરૂર છે. ગર્ભ પરિક્ષણ મામલે મહારાષ્ટ્રમાં અનેક તબીબોને સજા થઈ છે. ગુજરાતમાં આવા કિસ્સા ભાગ્યે જ છે.

# મોદી અટક બદનક્ષી કેસમાં આજે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી : રાહુલ ગાંધીનાં વકીલ દ્વારા સ્ટેની માંગણી

અમદાવાદ તા. ૨૯

મોદી સરનેમ બાદનક્ષી કેસમાં રાહુલ ગાંધીની રિવિઝન પિટિશનમાં વરીષ્ઠ વકીલ અભિષેક મનુ સંઘવી હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી. નીચલી કોર્ટના ચુકાદા પર સ્ટે આપવા રજૂઆત કરી હતી અને દલીલ કરી હતી કે દેશમાં ૧૩ કરોડ મોદી છે, કેમ કોઈએ ફરિયાદ કરી નથી. આ કોઈ ગંભીર ગુનો નથી. તેને ગંભીર રીતે રજૂ કરવામાં આવ્યો છે, રાજકીય કિન્નાખોરી રાખી ફરિયાદ કરવામાંઆવી છે. આ કોઈ ગંભીર ગુનો નથી કે માફી ન આપી શકાય. અમે કન્વિક્શન પર સ્ટેની માગ કરી રહ્યા છીએ. નોન-આઈડેન્ટિફાય કેસમાં આવી ફરિયાદ દાખલ ન થઈ શકે. ફરિયાદી ઘટના સમયે ત્યા હાજર નહોતો. નવજોતસિંહ સિદ્ધુના કેસનું ઉદાહરણ પણ અહીં ટાંકવામાં આવ્યું હતું. ૩૦૨ના નવજોત સિદ્ધુના કેસમાં તેમની સજાને પણ માફ કરવામાં આવી હોવાની રાહુલ ગાંધીના વકીલની રજૂઆત હતી. નિવેદન એ સોસાયટી એટ લાર્જ નથી. ઘણા કેસો ૩૯૯ હેઠળના કેસોમાં સજા પર સ્ટે આપ્યા છે. અન્ય MP, MLA કેસોના ડિસ્કવોલીફિકેશન વિશે સિંઘવી એ દલીલ કરી હતી. લક્ષદ્વીપના સાંસદ નાઝિર મોહમ્મદના કેસનું ઉદાહરણ આપવામાં આવ્યું હતું.

કર્ણાટકના કોલાર ખાતે લોકસભાના ચૂંટણીપ્રચાર દરમિયાન કોંગ્રેસના તત્કાલીન અધ્યક્ષ રાહુલગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ચોરનું ઉપનામ આપવામાં આવ્યું હતું, જેમાં તેમણે એવું વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું કે 'બધા ચોરોના ઉપનામ 'મોદી' કેમ હોય છે ' આ વિવાદાસ્પદ ટિપ્પણી બાદ સુરત કોર્ટે બે વર્ષની સજા ફટકારી હતી. જેની સામે ગુજરાત હાઈકોર્ટમાં રાહુલ ગાંધી તરફથી સ્ટે માગતી રિવિઝન અરજીની સુનાવણી આજે જસ્ટિસ હેમંત પ્રચ્છકની કોર્ટમાં થશે.

# ગુજરાત પોલીસમાં ૨૬૦૦૦ જગ્યા ખાલી હોવાની સરકારનો હાઈકોર્ટમાં જવાબ

ગાંધીનગર તા.૨૯ : રાજ્યના પોલીસ વિભાગમાં કુલ ૯૬૧૯૪નું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે જે પૈકી ૨૨૦૦૦ જેટલી પોસ્ટ અને સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સમાં ૪૧૩૨ જેટલી જગ્યાઓ ખાલી હોવાનું સોગંદનામુંસરકાર દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યું છે. હાઈકોર્ટે સરકારને સવાલ પૂછયો હતો કે ખાલી પડેલી જગ્યા માટે તેમના તરફથી શું કાર્યવાહી કરવામાં આવી રહી છે ? આ સવાલનો જવાબ આપતાં ગુજરાત સરકારે કહ્યું કે વર્ષ ૨૦૨૩-૨૪માં પોલીસ વિભાગમાં ૭૪૦૦ જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવશે. હાઈકોર્ટે સરકારને આ તમામ મુદ્દે ૧૧મી ઓગસ્ટ ૨૦૨૩ મુજબની સ્થિતિ વધારાના સોગંદનામા મારફતે રજૂ કરવાનો આદેશ કર્યો છે જેથી સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનો વધુ ખ્યાલ આવી શકશે. આ કેસની સુનાવણી દરમિયાન સરકાર દ્વારા સોગંદનામું કરવામાં આવ્યું હતું જેમાંજણાવ્યા પ્રમાણે મંજૂર મહેકમ ૯૬૧૯૪ની સામે ૭૩૯૦૦ પોસ્ટ ભરવામાંઆવી છે ત્યારે સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સમાં મંજૂર થયેલી ૨૫૯૨૯ પોસ્ટ પૈકી ૨૧૭૯૭ પોસ્ટ ભરાયેલી છે અને ૪૧૩૨ પોસ્ટ ખાલી છે. આ પછી હાઈકોર્ટે આદેશ કરતાનોંધ્યું હતું કે સરકારના સોગંદનામા પરથી જણાય છે કે સરકાર દ્વારા ભરતી માટેની કાર્યવાહી કરવામાં આવી છે તેમ છતાંય હજુ પણ ૨૧.૩% જેટલી જગ્યાઓ ખાલી છે. તે ઉપરાંત જાહેર આંદોલનો, રેલી વગેરેમાં કોઈ જાહેર કે ખાનગી સંપત્તિને નુકસાન ન થાય એ માટે કેવા આયોજનોઅને તૈયારીઓ કરવી તેની ગાઈડલાઈન્સ સરકારે બનાવી છે

# કર્ણાટક વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ૧૦ દિવસ વડાપ્રધાન મોદી બે દિવસ ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે

બેંગ્લોર તા.૨૯ : કર્ણાટકમાં આગામી ૧૦મે ના રોજ યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર પરાકાષ્ટાએ પહોંચવા લાગ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આજથી બે દિવસ પ્રચાર-મેદાનમાં ઉતરી રહ્યા છે. બે દિવસમાં તેઓ ૬ રેલી-જાહેરસભા કરશે જયારે બે રોડ-શો કરશે. કર્ણાટકમાં શાસન જાળવી રાખવા માટે ભાજપ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાંઆવ્યું છે. વડાપ્રધાન મોદીથી માંડીને તમામ નેતાઓ પ્રચાર મેદાનમાં ઉતર્યા છે. આજથી મોદીએ ફરી બે દિવસ કર્ણાટકમાં પ્રચારની બાગડોર સંભાળી છે. રાજયના હુમનાબાદ, વિજયપુરા, કુડાચીમાં આજે જાહેરસભા યોજશે જયારે સાંજે બેંગ્લોરમાં મેગા રોડ-શો યોજવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદી ઉપરાંત સ્ટાર પ્રચારકો એવા સીનીયર નેતા અમીત શાહ, જે.પી.નડ્ડા, રાજનાથસિંઘ, શિવરાજસિંહ ચૌહાણ તથા યોગી આદીત્યનાથ પણ રોડ-શો કરવાના છે.

કર્ણાટક વિધાનસભા ચૂંટણીના પ્રચારને આડે હવે માંડ દસ દિવસ બાકી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા પ્રચાર અભિયાન તેજ કરીને વ્યાપ વધારવામાં આવ્યો છે. મોદીના પ્રચારથી સમગ્ર રાજયમાં રાજકીય માહોલ વધુ જોરદાર બનવાનો ભાજપનો દાવો રહ્યો છે.

# આવતીકાલે 'મન કી બાત'નો ૧૦૦મો એપિસોડ ગુજરાતનાં ૧૦ હજારથી વધુ તબિબો જોડાશે



નવી દિલ્હી તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા છેવાડાના લોકોના પ્રશ્નોને લઈને શરૂ કરવામાં આવેલા 'મન કી બાત' કાર્યક્રમનો ૧૦૦મો એપિસોડ આવતીકાલે સવારે ૧૧ વાગ્યે દેશભરમાં પ્રસારિત થશે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશ-ગુજરાત (આઈએમએ)ના ૧૦ હજારથી વધુ તબીબો ભાગ લેશે. ગુજરાતમાં ૫૦૦થી વધુ સ્થળોએ તબીબો માટે આ પ્રકારનું ખાસ આયોજન કરવામાંઆવ્યું છે તેમ આઈએમએ-રાજકોટના પ્રમુખ અને જાણીતા ગેસ્ટ્રોએન્ટોલોજીસ્ટ ડૉ.પારસ શાહ અને સેક્રેટરી ડૉ.સંજય ટીલાળાએ જણાવ્યું છે. દેશભરમાં લાખો લોકો મન કી બાતમાં જોડાઈ રહ્યા છે ત્યારે ગુજરાત આઈએમએના નેજાહેઠળ ગુજરાતના ૧૦ હજારથી વધુ તબીબો પણ આવતીકાલે મન કી બાતમાં જોડાશે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

NIT® ટેકનીકલ કોલેજ

સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપ્સ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com




ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



# જૂનાગઢ જીલ્લામાં પ્રાકૃતિક ખેતિને મળશે નવો વેગ : કલેક્ટર ખેડૂતના ખેતરે પહોંચ્યા

જૂનાગઢ, તા.૨૯

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જૂનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના વ્યાપ વધારવા માટે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતની વાડીએ આત્મા-ખેતીવાડીના અધિકારીઓ સાથે બેઠક યોજી, પ્રાકૃતિક ખેતીની મુહિમને તેજીથી આગળ વધારવા માટે અધિકારી-કર્મચારીઓ સાથે પરામર્શ કર્યો હતો. કલેકટરે પ્રાકૃતિક ખેતીથી પ્રાપ્ત થયેલા હકારાત્મકપરિણામો જાણકારી મેળવી હતી. સાથે જ પ્રાકૃતિક ખેતીમાં અવરોધ રૂપ રહેલા પરિબળો વિશે પણઅધિકારીઓ સાથે વિશદ ચર્ચા કરી હતી. કલેક્ટરે છેલ્લા એક દાયકાથી પ્રાકૃતિક ખેતી કરતા હિતેશ દોમડીયા પાસેથી તેમના અનુભવો જાણ્યાં હતા. સાથે જ પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા-કાર્બન, પ્રાકૃતિક ખેતીની પદ્ધતિ-પ્રક્રિયા, પિયત વગેરેની ઝીણવટભરી જાણકારી મેળવી હતી. ઉપરાંત ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે ઉપલબ્ધ બજાર વિશે પણ ચર્ચા કરી હતી. કલેક્ટરે પ્રાકૃતિક ઢબે થતી ખેતીની જમીનમાં આચ્છાદાનથી તેમાં ભેજનું પ્રમાણ ઉપરાંત આ ભેજના કારણે ઉત્પન થતા ખેડૂત મિત્ર એવા બેકટેરિયા અને અળસિયાથી જમીનની





કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ પ્રાકૃતિક ખેતીની મુહિમને આગળ વધારવા ખેડૂતની વાડીએ અધિકારીઓ સાથે બેઠક યોજી

ફળદ્રુપતા કેવી રીતે વધારો થાય છે, તેની પણ વિગતવાર જાણકારી મેળવી હતી. કલેકટરે પ્રાકૃતિક ખેતીમાં અનિવાર્ય એવા ઘનામૃત-જીવામૃતનાઉત્પાદનમાં ગૌશાળા અને ખાનગી એકમોને જોડવા માટે પણ સંબંધિત અધિકારીઓનેમાર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ગાય નિભાવ ખર્ચ માટેની યોજનાનો ખેડૂતો-પશુપાલકો સુધી મહત્તમ લાભ પહોંચે તે માટે પણ સૂચના આપી હતી. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લામાં ૧૨,૦૦૦ થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાઈ ચૂક્યા છે. આ બેઠકમાં આત્માના પ્રોજેકટ ડાયરેક્ટર ડી.જી.રાઠોડ, નાયબ ખેતિનિયામક એચ.એમ. ગધેસરીયા, નાયબ ખેતિ નિયામક એસ.પી. ઉસદડીયા, જિલ્લા ખેતિવાડી અધિકારી શ્રી જે.પી. ગોંડલીયા સહિતના અધિકારીઓ અને આત્માના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો દ્વિતિય પદવીદાન સમારંભ તા.૫ મેના પોરબંદર ખાતે યોજાશે

## ચાર જીલ્લાના ૩૭૬૦૩ વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે : ૫૪ ગોલ્ડમેડલ, ૨૨૫ રેન્ક સર્ટીફીકેટ તથા પીએચ.ડી. થયેલા વિદ્યાર્થીઓને પણ ડીગ્રી આપવામાં આવશે

જૂનાગઢ,તા.૨૮

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢનો દ્વિતિય પદવીદાન સમારંભ ગુજરાતના કેબિનેટ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને તા.૫ મે, ૨૦૨૩ શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાંદીપની વિદ્યાનિકેતન ઓડીટોરીયમ, પોરબંદર ખાતે યોજવામાં આવનાર છે.

યુનિવર્સિટીના નિયમન અને નિયંત્રણ હેઠળ આવતા જૂનાગઢ, પોરબંદર, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા એમ ચાર જીલ્લાના કુલ ૩૭૬૦૩ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવામાં આવશે. ઉપરાંત ૫૪ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ૨૨૫ વિદ્યાર્થીઓને રેન્ક સર્ટીફીકેટ તથા બીકેએનએમયુમાંથી પીએચ.ડી. થયેલ ૪૮ વિદ્યાર્થીઓને પણ ડીગ્રી એનાયત કરવામાં આવશે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના આ દ્વિતિય પદવીદાન સમારંભમાં રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, પ્રસિધ્ધ ભાગવત કથાકાર પૂ.રમેશભાઈ ઓઝા, પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુક, ધારાસભ્યો, શિક્ષણવિદો, સામાજીક આગેવાનો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

યુનિવર્સિટીના કુલપતિ ડો.ચેતનભાઈ ત્રિવેદી, રજીસ્ટ્રાર ડો.મયંક સોની, ઈ.સી. મેમ્બર્સ ડો.જયભાઈ ત્રિવેદી, ચંદ્રેશભાઈ હેરમા, ભાવનાબેન અજમેરા, ડો.જીવાભાઈ વાળા, યુનિવર્સિટીના સતા મંડળો બોર્ડ ઓફ ગવર્નર્સ, એકઝીકયુટીવ કાઉન્સિલ, એકેડમિક કાઉન્સિલના અન્ય સભ્યો, ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ વગેરે દ્વારા દ્વિતિય પદવીદાન સમારંભની તડામાર તૈયારી આરંભી દેવામાં આવી છે.

# જીવનના દરેક તબક્કા સાથે ટર્મ વીમાની જરૂરિયાતો કેવી રીતે વિકસિત થાય છે : મુલ્યાંકન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

જેમ તમારા નાણાંકીય લક્ષ્યાંકો સ્થિર નથી તેમ તમારા નાણાંકીય આયોજનમાં પણ નિયમિત સમયે સમીક્ષાની અને ફેરફારની જરૂર હોય છે. મોટાભાગે બધા જ નાણાંકીય નિર્ણયોના પાયા તરીકે ઓળખવામાં આવતો ટર્મ વીમો તે અલગ નથી. અનિચ્છિત પરિસ્થિતિઓમાં તમારી આર્થિક સ્થિતિ અને તમારા આશ્રિતોનું રક્ષણ કરતી નીતિનું નિયમિત સમયે અને જીવનના પ્રત્યેક તબક્કે મૂલ્યાંકન કરવાની જરૂર છે. પોલિસી બજાર.કોમના ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સના વડા ઋષભ ગર્ગે જણાવ્યું હતું કે, ‘લોકપ્રિય માન્યતાથી વિપરિત ટર્મ વીમો માત્ર પરિવારની નિર્ભરતા સાથે જ સંકળાયેલ નથી. હકીકતમાં તે યુવાનોને નીચા પ્રીમિયમ દરે વીમો લેવા પ્રોત્સાહિત કરે છે. સંભવીત સ્વાસ્થ્ય જોખમો અને અન્ય જોખમો મોટાભાગે નાની વયે હોતા નથી. તેથી તેઓ ઓછા જોખમની પ્રોફાઈલ હેઠળ આવે છે. પરિણામે તેઓ નીચી કિંમતે ઊંચા કવરેજ માટે ક્વોલિફાય થાય છે. જેમ કે, દિલ્હીમાં ૨૫ વર્ષની પગારદાર વ્યક્તિ રૂા. ૪૦૦-૬૦૦ના માસિક પ્રીમિયમના દરે રૂા. ૫૦ લાખનું કવર અપનાવી શકે છે, જે એકંદરે તર્કસંગત લાગે છે.’ તમે યુવાન હોવ ત્યારે તેમ વિચારવું સરળ છે કે તમારા પર કોઈ આશ્રિત નથી. જોકે, મોટાભાગેઅનપેક્ષિત સમયે જ અણધારી ઘટનાઓ બનતી હોય છે અને આવી કોઈપણ અનિચ્છિત ઘટના સમયે તમે એમ નહીં ઈચ્છો કે તમારા વૃદ્ધ માતા-પિતા તેનો ભોગ બને. ટર્મ ઈન્સ્યોરન્સ આવી દુર્ઘટનાના સમયે તમારા બચાવમાં આવે છે અને તમારા પરીવારની ઢાલ બને છે. જીવન વીમા કંપનીઓ જીવનના વિવિધ તબક્કાના લાભના રાઈડર સાથે ટર્મ પોલિસી ઓફર કરે છે, જે તમને લગ્ન કરવા અથવા બાળક થવા જેવા તમારા જીવનના મહત્વપૂર્ણ સંજોગો દરમ્યાન કવરેજ વધારવા સક્ષમ બનાવે છે. વીમો ખરીદતી વખતે વ્યક્તિએ મૂળભૂત સિદ્ધાંતને અનુસરવું જોઈએ અને તે એ છે કે જોખમ ઓછું હોય ત્યારે વીમો ખરીદો. એક વખત જોખમી પરીબળો ઊંચા હોય છે ત્યારે વીમો લેવો માત્ર મુશ્કેલ જ નથી બનતો પરંતુ ખર્ચાળ પણ બને છે.

એક વખત તમે ૩૦ વર્ષની વય વટાવો પછી તમારા લગ્ન થઈ ગયા હોય અને તમે પરિવારનું આયોજન કરતા હોવ અથવા નાના બાળકોના ઉછેર કરતા હોવ તેવી સંભાવનાઓ વધે છે. તમારા માતા-પિતા પણ તમારા ઉપર નિર્ભર બને તેવી પણ ઊંચી સંભાવનાઓ રહે છે. જીવનના આ મહત્વપૂર્ણ તબક્કામાં ખર્ચ અને જવાબદારીઓ વધે છે અને નાણાકીય સુરક્ષા વધુ મહત્વની બાબત બને છે. તેથી કોઈ અનિશ્ચિત પરિસ્થિતિઓમાં આ જવાબદારીઓ પૂરી કરવા માટે પર્યાપ્ત કવરેજ સલાહભર્યું છે. વ્યક્તિએ તેમના આશ્રિતોના પર્યાપ્ત રીતે કવર કરવા માટે તેની વાર્ષિક આવક કરતાં ૧૦ ગણું કવરેજ લેવું જોઈએ. મેટ્રો સિટીમાં રહેતી ૩૫ વર્ષની વ્યક્તિ અંદાજે માસિક રૂા.૧૨૦૦-૧૪૦૦ના પ્રીમિયમથી રૂા.૧ કરોડની સમ એશ્યોર્ડ મેળી શકે છે.

# જૂનાગઢ ૧૮૧ અભયમ ટીમ દ્વારા વિસાવદર ખાતે સમૂહ લગ્નમાં બાળલગ્ન અટકાવાયા

જૂનાગઢ,તા.૨૯

જૂનાગઢ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં એક જાગૃત નાગરિકે કોલ કરતા જાણવા મળેલ કે, વિસાવદર મુકામે સમૂહ લગ્નનું આયોજન છે. જેમાં એક બાળલગ્ન થઈ રહ્યા છે. જેથી તાત્કાલિક ૧૮૧ અભયમ ટીમ ના કાઉન્સેલર અરૂણાબેન કોલડિયા તથા મહિલા પોલીસ ઉજાલાબેન ખાણીયા અને પાયલોટ અલ્પેશભાઈ સહિત ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગયેલ ઘટના સ્થળપર પહોંચી તપાસ કરતા અને ડોક્યુમન્ટ ની ખરાઈ કરતા જણાયેલ કે ૧૮ વર્ષ કરતા એક નાની ઉંમર ની દીકરીના બાળલગ્ન થઈ રહ્યા છે. એની જાણ સ્થાનિક પોલીસ તથા બાળલગ્ન પ્રતિબંધ અધિકારી ને કરવામાં આવી હતી. લગ્નોત્સવનું આયોજન સાંજે ૫ વાગ્યાનું હોવાથી દીકરી તથા તેમના પરિવાર હજુ લગ્ન સ્થળ ઉપર આવેલ ના હોય અને જેથી સમૂહલગ્ન આયોજક કમિટીને પણ ખ્યાલ આવતા તેઓ એ દીકરી તથા યુવકના પરિવારને લગ્નસ્થળ ઉપર આવવાની મનાઈ કરી હતી. દીકરીના માતા-પિતા સાથે ફોન ઉપર વાત કરી બાળલગ્નપ્રતિબંધ અધિનિયમ ૨૦૦૬ મુજબ ૧૮ વર્ષ કરતા નાની દીકરીના લગ્ન પુખ્ત વય અને લગ્ન માટે કાયદાની દ્રષ્ટિએ માન્ય ન થાય ત્યાં સુધી લગ્ન ન કરાવવા માટે સમજાવેલ અને બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અંગે દિકરીના માતા પિતાને માહિતગાર કરાયા હતા. આમ, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારીની ટીમ ને કેસ સોંપી આગળની કાર્યવાહી સોંપેલ અને બાળલગ્ન થતાં અટકાવ્યા હતા.

# લોક ફરિયાદોના નિરાકરણ માટે ટેકનોલોજીના અસરકારક ઉપયોગની પહેલ ગુજરાતે ‘સ્વાગત’થી કરી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલિન મુખ્યમંત્રી તરીકે ગુજરાતમાં ૨૦૦૩માં શરૂ કરાવેલા ‘સ્વાગત’ કાર્યક્રમને બે દાયકા પૂર્ણ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, કોઈ પણ આયોજન,વ્યવસ્થા જ્યારે તૈયાર થાય ત્યારે તેની પાછળએક વિઝન અનેનિયત હોય છે તે ભવિષ્યમાં કેવી પરિણામદાયીહશે તેના એન્ડ રિઝલ્ટ પણ આ વ્યવસ્થાઓ જ આપે તેવી દૂરંદેશીતા વાળી હોય છે. વડાપ્રધાનએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૩માં લોકપ્રશ્નો-પ્રજાવર્ગોની રજૂઆતોના ટેક્નોલોજીના ઉપયોગથી નિવારણ માટે શરૂ કરાવેલા ‘‘સ્ટેટ વાઈડ એટેન્શન ઓનગ્રીવન્સીસ બાયએપ્લીકેશન ઓફ ટેક્નોલોજી’’ સ્વાગતને સફળતાપૂર્ણ ૨૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે ‘સ્વાગત’ના લાભાર્થીઓ સાથે તેમણે સંવાદ કર્યો હતો. વડાપ્રધાનના આ પ્રેરણા સંદેશનું ‘બાયસેગ’ના માધ્યમથી ગ્રામ્ય કક્ષા સુધી જીવંત પ્રસારણ કરવામાંઆવ્યું હતું. વડાપ્રધાનએ ‘સ્વાગત’ની આ બે દાયકાની સફળતામાં નિષ્ઠાપૂર્વકનો પરિશ્રમ કરનારા અને પ્રજાપ્રશ્નોના નિવારણમાં સહયોગી બનેલા કર્મયોગીઓ સહિત સૌને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાનએ આ તકે જણાવ્યું કે, સરકારનો વ્યવહાર એવો હોય કે સામાન્ય માનવી પોતાની વાત-રજૂઆત સહજતાથી સાંજા કરી શકે અને સરકારને દોસ્ત સમજે. તેમણે કહ્યું કે જ્યારે શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારે જ તેમણે નિર્ણય કર્યો હતો કે લોકોની વચ્ચે રહીને અને લોકો પાસેથી જાહેરજીવનમાં જે શિખ્યા, જે અનુભવો મેળવ્યા છે તેને સાથે રાખીને પ્રજાના પ્રશ્નોનું સમાધાન લાવવા નિષ્ઠાપૂર્વક કર્તવ્યરત રહેશે. જનતા જનાર્દનનીવચ્ચે, જનતા જનાર્દન માટે રહેવાના સમર્પણમાંથી ‘સ્વાગત’નું વિચારબીજ પ્રગટયું છે એમ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનએ કહ્યુંકે, બે દાયકાની સ્વાગતની આસફળતા ઈઝ ઓફ લિવીંગ અને રીચ ઓફ ગવર્નન્સ દ્વારા ગુડ ગવર્નન્સના ગુજરાત મોડેલની એક વૈશ્વિક પહેચાન બની ગઈ છે. નરેન્દ્રભાઈ મોદીએ ‘સ્વાગત’નેમળેલા યુ.એનએવોર્ડ, ઈ-ગવર્નન્સ એવોર્ડ અને ભારત સરકારના ગોલ્ડ એવોર્ડ જેવા પુરસ્કારોની ભૂમિકા આપતાં ઉમેર્યુ કે, સફળતાનો સૌથી મોટો એવોર્ડતો એ છે કે અમને ‘સ્વાગત’ દ્વારા લાખો લોકોની સમસ્યા, પીડા, દુવિધા દૂર કરવાની સેવા તક મળી છે. વડાપ્રધાનએ ગ્રામ્ય, તાલુકા, જિલ્લા સ્વાગત કાર્યક્રમોમાંઆવતી રજુઆતોના નિવારણ સાથે રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીએ રાવ-ફરિયાદ કાને ધરવાની અને ત્વરિત નિરાકરણની જવાબદારી સંભાળી ‘સ્વાગત’ ને સૌ માટે સહજ બનાવ્યો છે તેની પણ વિશેષતાઓ વર્ણવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એમપણ જણાવ્યું કે, ‘સ્વાગત’ની રજૂઆતો ઉપરથી એક મજબૂત ફિડબેક સિસ્ટમ ઊભી થઈ અને અંતિમ છૌરના વ્યક્તિને મળવાપાત્ર લાભ મળે છે કે કેમ, કોઈ પરેશાની કેકનડગત નથી ને, હક્કનુંમળે છે કે કેમ તેવા ફિડબેક મળતા થયા. એટલું જ નહિ, જન સામાન્યની તકલીફ, શિકાયતોની સીધી જાણકારી મુખ્યમંત્રી સ્તરે મળવાથી તેના નિવારણના કર્તવ્યપાલનની જવાબદારી પણ નિષ્ઠાપૂર્વક નિભાવી શકાઈ છે. સ્વાગતે જન સામાન્યમાં એક વિશ્વાસ ઉભો કર્યો અને આ જ ‘સ્વાગત’ મોડેલની પરિપાટીએ હવે તેમણે ભારત સરકારમાં ‘પ્રગતિ’ કાર્યક્રમ શરૂ કર્યો છે તેમ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનએ કહ્યું કે આ ‘પ્રગતિ’ કાર્યક્રમને પરિણામે પાછલા ૯ વર્ષોમાં વિકાસ કામોની ગતિમાંપ્રગતિએ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. વડાપ્રધાનએ જણાવ્યું કે, લોકતંત્રની સફળતાનું મહત્વપૂર્ણ ત્રાજવું એટલે પબ્લિક ગ્રીવન્સીસ રિડ્રેસલ સિસ્ટમ સમગ્ર દેશમાં દાયકાઓ સુધી સરકારોમાં એવી માન્યતા હતી કે બની-બનાવેલી નીતિઓના આધારે જ વ્યવસ્થાઓ ચાલતી એનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાનએ ગૌરવ સહ જણાવ્યુ કે ગુજરાતે ‘સ્વાગત’ના માધ્યમથી આ આખીયે સોચ બદલવાનું કામ કર્યુ છે. ગર્વનન્સ એટલે નિયમો, કાનૂન, જૂની પદ્ધતિઓ કે નીતિઓ જ નહિં, આઈડીયાઝ-ઈનોવેશનથી ગવર્નન્સને જીવંત-સંવેદનશીલ બનાવી શકાય તેવી પરિપાટી ‘સ્વાગત’થી ઊભી થઈ છે. ‘સ્વાગત’ અનેક રાજયો માટે મોડેલ કેસ સ્ટડી બન્યો છે અને રાજ્ય સરકારો તેને અપનાવતી થઈ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. વડાપ્રધાનએ ‘સ્વાગત’નું વિચારબીજ બે દાયકામાં ગુડ ગવર્નન્સનું વટવૃક્ષ બન્યું છે અને આવનારા દિવસોમાં હજારો નવા ઈનોવેશન્સને જન્મ આપનારી એક સુદ્રઢ વ્યવસ્થા બની જશે તેવો વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો. તેમણે ‘સ્વાગત’ના ૨૦૦૩ના વર્ષના પ્રથમ રાજ્ય સ્વાગતના લાભાર્થી સહિતના લાભાર્થીઓ સાથે વાતચીત કરીને સ્વાગતની સાર્થકતા-યથાર્થતા પણ લોકો સમક્ષ મૂકી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રજા કલ્યાણની સર્વોપરીતા એ ગુડ ગવર્નન્સ તરફનો રાજમાર્ગ છે. પ્રજા કલ્યાણ માટે કાર્યરત વહીવટી તંત્રએ લોકોની રજૂઆતો માટે સંવેદનશીલ અભિગમ દાખવવો જ પડે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં સ્વાગત કાર્યક્રમ શરૂ કરાવી આ અભિગમને ફળીભૂત કર્યો છે. તેમણે ઉમેર્યુ કે, સમયથી બે ડગલા આગળ ચાલી, કંઈક નવું જ વિચારી પ્રજાના હિતમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવો તે વડાપ્રધાનની ખાસિયત છે. ૨૦૦૩માં જયારે દેશમાં ઓનલાઈન ફરિયાદ નિવારણ માટેની ટેકનોલોજી વિશે વાતો થતી હતી ત્યારે વડાપ્રધાનએ સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ કરાવી દીધો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ફરિયાદ નિવારણની મજબૂત મિકેનિઝમ વિના સરકાર કે તેનું વહીવટી તંત્ર ક્યારેય અસરકારક કે જવાબદાર બની શકે નહીં,




લક્ષિત પરિણામો આપી શકે નહીં. સ્વાગત કાર્યક્રમનો મુખ્ય હાર્દ જનતાની સમસ્યા જાણી, તેનું નિવારણ કરી, રાજ્ય સરકારના નીતિવિષયક નિર્ણયોમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સતત બે દાયકાથી સ્વાગત કાર્યક્રમ લોકોની સમસ્યાઓના ત્વરિત નિરાકરણ કરવાનો સફળ સેવાયજ્ઞ બની ગયો છે. એટલું જ નહીં, નાગરિકોને યોજનાકીય લાભો મળ્યા છે અને તેમના જીવનમાં ઉજાસ પથરાયો છે. સામાન્ય માનવીની રજૂઆતો-સમસ્યાના સમાધાન માટેની ટેકનોલોજી આધારિત આ વ્યવસ્થાને વૈશ્વિક પ્રતિષ્ઠા મળી છે. આ તકે મુખ્યમંત્રીએ સ્વાગત કાર્યક્રમને મળેલા યુનાઈટેડ નેશન્સના ઈન્ટરનેશનલ એવોર્ડ, ભારત સરકારના નેશનલ એવોર્ડ સહિતના ગૌરવ પુરસ્કારનો ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સૌને આદરણીય વડાપ્રધાનના પદચિન્હો ઉપર ચાલી ગુજરાતને સુશાસનનું અને ફરિયાદ નિવારણનું વર્લ્ડ-ક્લાસ મોડલ બનાવવા સંકલ્પ લેવાનો અનુરોધ કર્યો હતો. સ્વાગતના બે દાયકા પૂર્ણ થવા અવસરે રાજ્ય સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં યોજેલા સ્વાગત સપ્તાહને પણ વ્યાપક જનપ્રતિસાદ મળ્યો છે. સ્વાગત સપ્તાહ દરમ્યાન રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્વાગતમાં કુલ ૪૩ હજાર ઉપરાંત રજૂઆતો મળી હતી તેમાંથી ૯૩ ટકા એટલે કે ૪૦ હજાર પાંચસો ઉપરાંત સમસ્યાઓનું નિવારણ આવ્યું છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગુરૂવાર તા.૨૭ મી એપ્રિલે રાજ્ય સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો તેમાં મળેલી રજૂઆતો પણ મુખ્યમંત્રીએ કાને ધરીને સંબંધિત વિભાગોને-જિલ્લાઓને ત્વરિત નિવારણ માટે માર્ગદર્શન આપ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# લોકતંત્રને ભસ્મ કરી દે તે પહેલા માફીયાથી મુકિત અપાવવી પડશે

પ્રયાગરાજમાં માફિયા ડોન અતીકની હત્યા બાદ એવો હંગામો મચી ગયો જાણે રાષ્ટ્રીય સ્તરના કોઈ મોટા પ્રતિષ્ઠિત નેતાની હત્યા થઈ ગઈ હોય. કોઈ ખૂંખાર અપરાધીના માર્યા ગયા બાદ આટલો વિવાદ ઊભો થયો હોય તેવું પહેલાંના વર્ષોમાં ક્યારેય જોયું નથી. આવું કેમ થઈ રહ્યું છે? આજની તારીખમાં વિરોધી પાર્ટીઓ એકજૂટ થઈને ભાજપને કઠેરામાં ઊભી કરી રહી છે. તેનું મુખ્ય કારણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી છે. વિરોધી દળ ઉત્તર પ્રદેશની યોગી સરકારની છબી મલિન કરીને પોતાની રાજનીતિ ચમકાવવા માંગે છે. આ જ કારણે એક અપરાધિક ઘટનાને તૂલ આપવામાં આવે છે. આખરે આ અતીક અહમદ હતો કોણ? પ્રયાગરાજમાં એક ટાંગાવાળાનો છોકરો, જેણે ૧૭ વર્ષની ઉંમરમાં હત્યા કરીને અપરાધની દુનિયામાં પ્રવેશ કર્યો અને પછી તો પાછળ વળીને જોયું જ નહીં. તેણે દરેક પ્રકારના અપરાધ કર્યા. જેમ કે હત્યા, લૂંટ, મારપીટ, અપહરણ, સરકારી કામકાજમાં દખલ કરવી, બીજાની જમીન હડપવી વગેરે. તેના વિરૂધ્ધ કુલ ૧૦૧ ફરિયાદ નોંધાયેલી છે. આશ્ચર્યની વાત એ છે કે આ પહેલાં તેને કોઈ કેસમાં સજા નહોતી મળી. રાજકીય સંરક્ષણ મળેલું હોવાને કારણે પ્રશાસન અતીક સામે ખુદ અસહાય થઈ જતું હતું. પોલીસ અધિકારીઓ અને મેજિસ્ટ્રેટ પર તો તે હાવી હતો જ, અલ્હાબાદ હાઈકોર્ટના જજ પણ તેનાથી ડરતા હતા. તેને માત્ર જામીન આપવા મામલે જ એક બાદ એક ૧૦ જજોએ તેની સુનાવણીમાં પોતાની અસમર્થતા જાહેર કરી હતી. અતીકને પહેલી સજા યોગી આદિત્યનાથના કાર્યકાળમાં જ મળી હતી, જ્યારે ૨૮ માર્ચ ૨૦૨૩ના રોજ તેને આજીવન કારાવાસની સજા થઈ.

દેશમાં માફિયાની સમસ્યા લગભગ પચાસેક વર્ષ પહેલાં શરૂ થઈ. મુંબઈમાં સૌથી પહેલાં માફિયા ટોળકીનો ઉપદ્રવ થયો. સમયાંતરે તેમની જાળ અન્ય શહેરોમાં પણ ફેલાતી ગઈ. મહારાષ્ટ્રમાં દાઉદ ઈબ્રાહિમ, હાજી મસ્તાન, યાકૂબ મેમણ અને વરદરાજન મુદલિયારના નામો મુખ્ય હતા. ઉત્તર પ્રદેશમાં મુખ્તાર અંસારી, અતીક અહમદ, સુંદર ભાટી, શ્રીપ્રકાશ શુક્લા વગેરેના નામ આવતાં રહ્યાં. બિહારમાં શાહબુદ્દીનની ચર્ચા રહી. ઉલ્લેખનીય છે કે ભારત સરકારે ૧૯૯૩માં એન.એન. વોહરાના નેતૃત્વમાં એક કમિટીની રચના કરી કે તે આ સમસ્યાનું ગહન અધ્યન કરીને તેના નિકાલ માટે સૂચનો આપે. કમિટીએ રિપોર્ટમાં લખ્યું હતું કે માફિયા ટોળકી કેટલાય ક્ષેત્રોમાં સમાનાંતર સરકાર ચલાવી રહી છે. રિપોર્ટને લઈને સંસદમાં ભારે હંગામો મચી ગયો હતો, પરંતુ કોઈ સકારાત્મક પગલાં ન ભરવામાં આવ્યાં. ભરે પણ કઈ રીતે? આજે આપણા લોકતંત્રમાં એવી વિકૃતિઓ આવી ગઈ છે કે તમામ પાર્ટીઓએ પોતાના દરવાજા અપરાધીઓ માટે ખોલી દીધા છે. દેશમાં આજે કુખ્યાત અપરાધીઓ, ભ્રષ્ટ નેતાઓ અને અધિકારીઓનું એક ઘૃણાસ્પદ ગઠબંધન બની ગયું છે. તેને તોડવું અત્યંત જરૂરી છે. નહિ તો તે આપણા લોકતંત્રને ભસ્મ કરી દેશે. તેને તોડવું કોઈ મુશ્કેલ કામ પણ નથી. તેના માટે માત્ર દૃઢ રાજકીય ઈચ્છાશક્તિની જ જરૂર છે. યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બન્યા બાદ ઉત્તર પ્રદેશમાં માફિયાનું રાજકીય સંરક્ષણ સમાપ્ત થઈ ગયું છે, સાથે જ તેમની આર્થિક નસ પણ સરકારે દબાવીને તેમને નિસ્તેજ કર્યા છે. માફિયાઓ વિરૂધ્ધ પ્રભાવી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુખ્તાર અંસારી હાલમાં બાંદા જેલમાં છે, તેને એક કેસમાં ૧૦ વર્ષની સજા થઈ ચૂકી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.

- આચાર્ય ચાણક્ય

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૯ શ્રી સીતા નવમી, શ્રી હરિ નવમી, શ્રી જાનકી જન્મોત્સવ તા.૨૯ એપ્રિલ ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૮, આશ્લેષા નક્ષત્ર, ગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૦, સૂ.અ.૭:૧૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), બપોરે ૧૨:૪૮ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : હિતશત્રુઓથી સાવધ રહેવું. કાર્યબોજ હળવું બને.
વૃષભ : અટકેલા કાર્યો પૂર્ણ થાય. માંગલિક પ્રસંગોમાં ધન વ્યય થાય.
મિથુન : જીવનસાથીથી સ્નેહ રહે. મનની મુરાદ પૂરી થાય.
કર્ક : બગડેલા કાર્યો સુધારી શકશો. ભાગીદારી સાથે સંઘર્ષ થાય.
સિંહ : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આર્થિક સમસ્યા હળવી બને.
કન્યા : નવિન સમાચાર મળે. મનની ઈચ્છા પૂર્ણ થાય.
તુલા : ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
વૃશ્ચિક : વાદ-વિવાદમાં સંભાળવું. વ્યર્થ ચિંતા ટળશે.
ધન : જીવનસાથીથી વાણી ઘર્ષણ થાય. મનમાં ક્રોધ રહે.
મકર : વ્યર્થ ગુપ્ત ચિંતા સતાવે. પરિવાર તથા મિત્રોનો સહકાર મળે.
કુંભ : વાક્ય ચતુરાઈથી સફળતા મળે. વિરોધીઓ પાછા પડે.
મીન : નવિન કાર્યોમાં સફળતા મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

# વૈશ્વિક પડકારના સામના માટે એસસીઓ દેશો વચ્ચે વધુ સહકાર જરૂરી : ભારત

## ભારત ખાદ્ય અને ઉર્જા સુરક્ષાના પડકારોને ઘટાડવામાં યોગદાન આપી રહ્યું છે, ભારતે વૈશ્વિક મિશન લાઈફ શરૂ કર્યું, એસસીઓની ૧૯મી બેઠક



નવી દિલ્હી, તા.૨૯

ભારતે બુધવારે કહ્યું હતું જ્યારે વિશ્વ વધતી આર્થિક મંદીના પડકારોનો સામનો કરી રહ્યું છે એવા સમયે શાંઘાઈ સહયોગ સંગઠનના સભ્યો વચ્ચે ખોરાક અને ઉર્જા સુરક્ષા જેવા પડકારોનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ભારતે કહ્યું કે એસસીઓસભ્યો વચ્ચે વધુ સહકારની જરૂર છે. નાણાકીય સેવા વિભાગના સચિવ વિવેક જોશી એસસીઓની ૧૯મી બેઠકને સંબોધતા કહ્યું કે ભારત ખાદ્ય અને ઉર્જા સુરક્ષાના પડકારોને ઘટાડવામાં યોગદાન આપી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે આજે જ્યારે વિશ્વ આર્થિક મંદીના પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે એસસીઓ સભ્ય દેશો વચ્ચેનો ગાઢ સહકાર ખાદ્ય અને ઉર્જા સુરક્ષાની ચિંતાઓ જેવા વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પડકારને ઘટાડવામાં ભારતના યોગદાનના ભાગરુપે વડાપ્રધાન મોદીએ વૈશ્વિક મિશન 'લાઈફ' શરૂ કરી છે. આ મિશન પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી સાથે કામ કરે છે. જોશીએ જણાવ્યું હતું કે રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલ' અને ચક્રિય અર્થવ્યવસ્થા વર્ષોથી ભારતીય જીવનશૈલીનો એક ભાગ છે અને મિશન લાઈફમાં દરેક જીવનશૈલીનો સમાવેશ કરવામાં આવશે જે આપણા પૂર્વજોએ પ્રકૃતિના સંરક્ષણ માટે અપનાવી હતી. તેમણે અપીલ કરી હતી કે એસસીઓ સભ્ય દેશોએ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં લવચીકતા એકીકૃત કરવી જોઈએ અને કહ્યું કે ભારત ટકાઉ અને સ્થિતિસ્થાપક માળખાના નિર્માણ તરફ વલણ ધરાવે છે.

# જીવન જ્યોત આરોગ્ય સેવા સંઘ મહેતા હોસ્પિટલમાં થયેલ આયુષ્યમાન કાર્ડ ગેરરીતિ સામે ફોજદારી કાર્યવાહી કરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૯

ગીર સોમનાથ જિલ્લાના ઉના ની જીવન જ્યોત આરોગ્ય સેવા સંઘ સંચાલિત એવરેસ્ટ આરોગ્ય કોમ્પ્લેક્સ અને મહેતા હોસ્પિટલમાં આયુષ્યમાન કાર્ડ અંતર્ગત ગેરરીતિ બાબતે રસિક ચાવડા એ તારીખ.૧૫/૩/૨૩ના રોજ ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાબતે તપાસ થતા ડો.કે.એચ.મિશ્રા ( અધિક નિયામક)(ત.સે.) કમિશનર શ્રી આરોગ્ય તબીબ સેવાઓ અને તબીબી શિક્ષણ ગાંધીનગર એ તારીખ.૨૮/૩/૨૩ ના રોજ જીવન જ્યોત આરોગ્ય સેવા સંઘ, મહેતા હોસ્પિટલ દ્વારા યોજનામાં લાભાર્થીઓને સારવાર આપ્યા વગર જ યોજનાનો નાણાની મોટી રકમ મેળવી કલેમ બુક કરાવવામાં આવ્યો છે અને તે બાબતે પેનલ્ટી ભરવા જણાવવામાં આવેલ હોય અને આ હોસ્પિટલને ત્રણ માસ માટે યોજનાથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

**મુખ્યમંત્રી કાર્યાલય ખાતે ઉનાના રસિક ચાવડાએ રૂબરૂ કરી રજૂઆત**

આ કરવામાં આવેલ તપાસમાં ૧૦ જેટલા કલેમ સારવાર આપ્યા વગર જ બુક કરવામાં આવ્યા છે અને સરકારની આંખમાં ધૂળ નાખી નાણાંકીય છેતરપિંડી કરી છે અને સરકારી નાણાંની ઉચાપત આ સંસ્થાએ તથા ડોકટરે મળી કરી છે.ત્યારે આ તમામ સામે સરકારના નાણાંની ઉચાપત બાબતે સખત કાર્યવાહી કરવામાં આવે અને તમામ ઈસમો વિરુદ્ધ ફોજદારી રાહે પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે તે બાબતે ઉનાના યુવા આગેવાન અને કોળી સમાજના નેતા રસિક ચાવડાએ કાર્યવાહી કરવા માન.મુખ્યમંત્રી કાર્યાલય ગાંધીનગર, અગ્ર સચિવ, આરોગ્ય અને પરીવાર કલ્યાણ ગાંધીનગર, ખાસ ફરજ પરના અધીકારી (વિજીલન્સ) આરોગ્ય સેવાઓ, તબીબી સેવાઓ, તબીબી શિક્ષત્ર અને સંશોધન, ગાંધીનગર ને સરકારી આયુષ્યમાન કાર્ડ યોજનામાં ઘણા સમય થી ભ્રષ્ટાચાર થતો હોય હજુ પણ તપાસ થાય તો ઘણો ભ્રષ્ટાચાર સામે આવી શકે તેમ છે.આ બાબતે તપાસ થાય તેવી લોક ચર્ચા થઈ રહી છે.

# ગ્રીન હાઈડ્રોજન પ્રોજેકટ માટે ગુજરાત સરકારે ૧.૯૯ લાખ હેકટર જમીન ફાળવી



ગાંધીનગર તા. ૨૯

ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન પ્રોજેકટ માટે હવે ઝડપી તૈયારી શરૂ થઈ ગઈ છે જેમાં પ્રથમ તબકકામાં પાંચ ખાનગી કંપનીઓને ૧.૯૯ લાખ હેકટર જમીન રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે જેમાં રિલાયન્સને ૭૪૭૫૦ હેકટર, અદાણીને ૮૪૪૮૬ હેકટર, ટોરેન્ટને ૧૮૦૦૦ હેકટર, આર્સેલર મિતલ નિપોન સ્ટીલ ઈન્ડીયાને ૧૪૩૯૩ હેકટર અને વેલ્સપનને ૮૦૦૦ હેકટર જમીન ફાળવવામાં આવી છે. આ જમીન બનાસકાંઠા અને કચ્છમાં ફાળવવામાં આવી છે અને તેમાં આગામી સમયમાં કામકાજ શરૂ થઈ જશે જોકે આ કંપનીઓએ ૩.૨૬ લાખ હેકટર જમીન માંગી હતી પરંતુ રાજય સરકારે હાલ તુરત સરકારે ૧.૯૯ લાખ હેકટર જમીન પાંચ કંપનીઓને ફાળવી છે. જે માટે રૂા.૧૫ હજાર પ્રતિ હેકટરની કિંમત વસુલાશે અને ૪૦ વર્ષના લીઝ પર જમીન અપાઈ છે અને સરકારને કુલ રૂા.૨૯૯ કરોડની રકમ હાલ મળશે. રિલાયન્સ આ પ્રોજેકટ સ્થાપવામાં સૌથી આગળ છે.

# ગુજરાત પોલીસ વિભાગમાં ૭ હજાર યુવાનોની ભરતી થશે

અમદાવાદ, તા.૨૯

કમ્પેરેટીવ એકઝામની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર સામે આવ્યા છે. ચાલુ વર્ષે રાજય સરકાર ૭ હજાર જગ્યાએ પર ભરતી કરવા જઈ રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ વિભાગમાં ૭ હજાર જગ્યા પર ભરતી કરાશે. તમને જણાવી દઈએ કે, રાજય સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં માહિતી આપી છે. પોલીસ વિભાગમાં ૨૨ હજાર જગ્યા ખાલી હોવાનું સરકારે સ્વીકાર્યુ છે.

પોલીસને લગતી બાબતોને લઈ SCના આદેશ અનુસાર સુઓમોટો અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. હાઈકોર્ટના કડક વલણ બાદ રાજય સરકારે એફિડેવિટ દાખલ કરી. જેમાં રાજય સરકારે જણાવ્યું છે કે ગુજરાતમાં પોલીસ વિભાગમાં ૨૧.૩% જગ્યાઓ ખાલી છે. ૯૬,૧૯૪ ખાલી જગ્યાઓમાંથી ૭૩,૦૦૦ જેટલા પદો પર ભરતી કરાઈ છે. હાલ પોલીસ વિભાગમાં ૨૨ હજાર જેટલી જગ્યાઓ ખાલી છે. ગુજરાત સરકારે હાઈકોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં જણાવ્યું છે કે, રાજયમાં સ્ટેટ રિઝર્વ ફોર્સની કુલ જગ્યાઓમાંથી ૪૦૦૦ જગ્યાઓ ખાલી છે.

સરકારે એફિડેવિટમાં જણાવ્યુંછે કે, રેલી, સરઘસ અને સભા માટે પણ દિશાનિર્દેશો જાહેર કરાયા છે. અરજદારની માગ પર હાઈકોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે. કોર્ટે રેલી, સભાઓ અને સરઘસો અંગેનું જાહેરનામુ પેપર અને મીડિયામાં પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટે ઓગસ્ટ મહિના સુધીમાં રાજય સરકારને એડિશનલ એફિડેવિટ ફાઈલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ મામલે ૨૧ ઓગસ્ટના હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે. છેલ્લા ઘણા સમયથી પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાને લઈને કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતા આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેના પર ૯ માર્ચે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસ વિભાગની ખાલી જગ્યાઓને લઈને રાજય સરકારને કેટલાક સવાલો કર્યા હતા. જેના પર સરકારે જવાબ રજૂ કરતા કહ્યું હતું કે, પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી કરવાની કાર્યાવાહી ચાલી રહી છે. આ ભરતી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં જ ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે.

રાજય સરકારના આદેશ બાદ હાઈકોર્ટે પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓનો લેટેસ્ટ રિપોર્ટ રજૂ કરવાનો હુકમ કર્યો હતો. પોલીસને લગતી બાબતોને લઈ સુઓમોટો અરજી પર સુનાવણી દરમિયાન રાજય સરકારે એફિડેવિટ દાખલ કર્યું.

## અરૂણાચલમાં ભારતે મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કર્યું

# ભારત એલએસી પર રોડ અને રેલ દ્વારા કનેક્ટિવિટી વધારશે




નવી દિલ્હી, તા.૨૯

ભારત અરુણાચલ પ્રદેશમાં મોટા પાયે અને ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે આગળ વધી રહ્યું છે. હવે કેન્દ્ર અહીં રોડ અને રેલ લાઈનના કામને ઝડપી બનાવશે, જે એલએસીની નજીકના દૂરના સ્થળોને જોડવા માટે પ્રોત્સાહન આપશે. અરુણાચલ પ્રદેશને રસ્તાઓ દ્વારા જોડવા માટે આ સૌથી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. સેલા ટનલ રોડ પ્રોજેક્ટ પણ તેમાં સામેલ છે, જે તવાંગને ગુવાહાટીથી જોડવા માટે બનાવવામાં આવ્યો છે. ચીન અરુણાચલ પ્રદેશ પર દાવો કરવા માટે સમયાંતરે નિષ્ફળ પ્રયાસ કરતું રહે છે. તેને જોતા હવે ભારત સરકાર દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. આ મહિનાની શરૂઆતમાં ચીને પોતાના નકશામાં અરુણાચલ સાથે સંબંધિત સ્થળોના નામ બદલી નાખ્યા હતા. જો કે, આના પર વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ચીનને જડબાતોડ જવાબ આપ્યો અને તેને સદંતર ફગાવી દીધો હતો.

અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલ પ્રોજેક્ટ માટે ખોદકામ આ વર્ષની શરૂઆતમાં પૂર્ણ થયું હતું. સેલા ટનલ વિશ્વની સૌથી મોટી ડબલ લેન ટનલ હશે જે ૧૩ હજાર ફૂટથી વધુની ઊંચાઈએ બાંધવામાં આવશે. ચીનને અડીને આવેલા અરુણાચલ પ્રદેશમાં આ ટનલ ટૂંક સમયમાં તવાંગ સેક્ટરના આગળના વિસ્તારોમાં જવાનોને મદદ કરવા માટે ગેમ ચેન્જર સાબિત થશે. સેલા પાસ સરહદ પાસેથી ચીનીઓને સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ સ્થિતિમાં હાઈ ડેફિનેશન રડાર અને દૂરબીનની મદદથી તે અહીં ભારે ટેક તેમજ સેનાની હિલચાલને સરળતાથી ટ્રેક કરી શકે છે. આ પ્રોજેકટમાં મુખ્યત્વે ૧,૫૫૫ મીટર લાંબી ટનલનો સમાવેશ થાય છે, જે ચીનને ટ્રાફિકની હિલચાલ પર નજર રાખવાથી અટકાવશે.

# માનવીએ પોતાનો સ્વભાવ બદલવો જરૂરી છે

## "પારસમણિ કે સ્પર્શસે કંચન ભયે તલવાર, "તુલસી " તીનો ના ગયે, માર, ધાર,આકાર".

ઉપરોક્ત સાખી દ્વારા સંત શિરોમણી તુલસીદાસજીએ માનવજાત ઉપર બહું મોટો ચાબખો માર્યો છે. તુલસીદાસજીએ જે કાંઈ પણ લખ્યું છે તે માનવજાતને નજર સમક્ષ રાખીને જ લખ્યું છે અને આપણે એમાંથી કાંઈક શીખવાની પ્રેરણા જરૂરથી લેવી જોઈએ. ઉપરોક્ત સાખીમાં તુલસીદાસજીના કહેવાનો મતલબ એવો છે કે પારસ નામનો મણિ બહું અલભ્ય અને અતિ દુર્લભ છે અને બહુ સરળતાથી અને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતો નથી અને ભૂલેચૂકે કોઈ ભાગ્યશાળી વ્યક્તિને પારસમણિ મળે તો તે માલામાલ થઈ જાય છે. પારસમણિ એ એક એવો મણિ છે કે જેનો સ્પર્શ માત્ર થવાથી લોખંડ સોનામાં પરિવર્તિત થઈ જાય છે. તુલસીદાસજીના કહેવાનો મર્મ એ છે કે, પારસમણિના સ્પર્શ માત્રથી લોઢાની તલવાર સોનાની ચોક્કસ બની જાય છે, પરંતુ એની ધાર, અણી કે તીક્ષ્ણતા એમનાં એમજ રહે છે, એની મારવાની શકિત તથા આકારમાં કોઈજ ફેરફાર કે પરિવર્તન થાતું નથી.હવે એ તલવાર શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય છે કારણકે વખત આવે યુદ્ધનાં મેદાનમાં પણ કામ લાગતી નથી. એવી રીતે અમુક દંભી માણશો સજ્જન અને ધાર્મિક હોવાનો ખોટો ડોળ કરે છે, દિવસમાં બે વખત સ્નાન કરે છે, મંદિરમાં જઈ પૂજા પાઠ કરી પ્રસાદ ધરાવે છે, ગળામાં જાતજાતની માળાઓ ધારણ કરે છે, કથા, કીર્તનમાં નિયમિત જાય છે કે જેથી લોકોમાં એમની સારી છાપ પડે. તુલસીદાસજી કહે છે કે, આ નર્યો દંભ અને પાખંડ છે અને આવા વ્યક્તિઓ બગભગતની વ્યાખ્યામાં આવે છે. જેમ બગલો એક પગે ઊભો રહી તપ કરતો હોય એવો ડોળ કરે છે, પરંતુ જેવી માછલી પગ પાસે આવે કે તરતજ માછલીનો શિકાર કરે છે. આવીજ રીતે દંભી માણસો ઝાઝા દેખાડાં જરૂર કરે છે, કોઈને ગુરૂ બનાવે છે, પરંતુ તેઓ પોતાનો જન્મજાત સ્વભાવ છોડતાં નથી. પોતાનો મંદ, અહંકાર કદી ત્યજતા નથી અને સાપ જેમ ડંખ મારે એમ લાગ મળતાં સામેની વ્યક્તિનું ગળું કાપતાં સ્હેજ પણ વિચાર કરતાં નથી. માણસે જ્ઞાની સાધુ સંતની સોબતમાં રહીને, પોતાનો સ્વભાવ અને જીવન એ પ્રમાણે બદલવું જોઈએ, કોઈને કનડતા કરતાં કોઈને મદદરૂપ થવાની ભાવના રાખવી જોઈએ. સારા અને સદગુણી ગુરૂ પાસેથી જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે અન્ય લોકોને વહેંચવું જોઈએ. જો તમે એક વ્યક્તિમાં પણ બદલાવ લાવી શકશો તો એ તમારી સિદ્ધિ ગણાશે. પરંતુ આ બધું પોથીમાંનાં રીંગણાં જેવું છે. જેમ પારસમણિના સ્પર્શતી લોખંડની તલવાર સોનાની બની જાય છે, પરંતુ એનો આકાર, એની ધાર અને કાપવાની છટામાં કોઈજ ફરક પડતો નથી. એવીજ રીતે સારા સંતના ચરણોમાં સ્થાન પામ્યાં પછી તે વ્યક્તિ લોકોમાં જાણીતો જરૂર બને છે, પરંતુ એ એની હલકી વૃત્તિઓ, અવગુણો કે બુરાઈઓને ત્યાગતો નથી, એ તો એનાં મનમાં છુપાઈને બેઠેલા જ છે. હકીકતમાં માનવજાતે આ બધું બદલવાની જરૂર છે. તુલસીદાસજી કહે છે કે કોઈપણ વ્યક્તિ ગમે તેવો ડોળ, દેખાવ કે આડંબર કરે, એકના એક દિવસે તો એની પોલ ખુલી જાય છે. આમ તલવારના ઉદાહરણ દ્વારા તુલસીદાસજીએ માનવજાતને પોતાનો સ્વભાવ બદલવાની ઝાંખી બતાવી છે.

- **યોગેશભાઈ આર. જોશી, હાલોલ**

# ૬૦ કરોડથી વધુ વ્યક્તિઓના વ્યક્તિગત ડેટાની ચોરી અને તેનું વેચાણ : ડેટા ચોરીથી કેવી રીતે બચી શકાય ?

હૈદ્રાબાદ તા.૨૯

હૈદરાબાદ સ્થિત એક સામાજિક કાર્યકર્તાએ સાયબરાબાદ પોલીસનો સંપર્ક કર્યો અને કહ્યું કે કોઈ વ્યક્તિ દ્વારા વ્યક્તિગત ડેટા વેચવામાં આવી રહ્યો છે. પોલીસે એક યોજના ઘડી અને સામાજિક કાર્યકરને વિક્રેતા પાસેથી ડેટા ખરીદવાનો ઢોંગ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેઓ ગુપ્ત માહિતીની ચોરીને પકડવા ઈચ્છતા હતા. એકવાર વ્યવહાર થયો પછી પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. આગામી થોડા અઠવાડિયામાં, તેઓએ ડેટાનું વિશ્લેષણ કર્યું અને વેચનારને શોધી કાઢ્યો હતો. વિનય ભારદ્વાજની ધરપકડ કરવામાં આવી હતી, જે ફરીદાબાદ સ્થિત વેબડિઝાઈનરમાંથી ડેટા-ચોર બન્યો હતો. વિનય ૬૦ કરોડથી વધુ વ્યક્તિઓના અંગત અને ગોપનીય ડેટાની પ્રાપ્તિ, હોલ્ડિંગ અને વેચાણમાં સામેલ હોવાનું જણાયું હતું. તેના કબજામાં રહેલા ડેટામાં આઠ મહાનગરો સહિત ૨૪ રાજ્યોના વિવિધ સંસ્થાઓના ગ્રાહકોની વ્યક્તિગત માહિતીનો સમાવેશ થાય છે. પોલીસે એપણ ખુલાસો કર્યો હતો કે આરોપીઓએ વિગતો મેળવવા માટે ડેટા સ્ક્રેપિંગ ટૂલ્સનો ઉપયોગ કર્યો હતો. પોલીસને જાણવા મળ્યું કે ચોરાયેલો ડેટા ફેસબુક, બિગ બાસ્કેટ, ફોનપે, ટેક મહિન્દ્રા, ક્લબ મહિન્દ્રા અને પોલિસી બજાર જેવી મોટી કંપનીઓનો છે. વિનયના કબજામાં રહેલા ડેટાબેઝમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એક્સિસ બેંક, બેંક ઓફ બરોડા વગેરે જેવી વિવિધ બેંકોના ડેટા પણ મળી આવ્યા હતા. જો કે પોલીસ દાવો કરે છે કે આ ડેટા લગભગ ૬૬.૯ કરોડ વ્યક્તિઓનો છે, ડેટાબેઝનું સંપૂર્ણ વિશ્લેષણ કર્યા પછી જ વાસ્તવિક આંકડો જાણી શકાશે. પોલીસના જણાવ્યા અનુસાર, વિનયે એક બિઝનેસ સ્થાપ્યો હતો અને બે લોકો પાસેથી ડેટાબેઝ એકત્ર કર્યા હતા અને પછી નફા માટે છેતરપિંડી કરનારાઓને ડેટા વેચવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો હતો. તે **Inspire Webz** નામની વેબસાઈટ દ્વારા આ ઓપરેટ કરતો હતો. ડેટા ખરીદનારા મુખ્ય ગ્રાહકોમાં જાહેરાત અને માર્કેટિંગ એજન્સીઓનો સમાવેશ થાય છે. પોલીસ આ ડેટા ચોરીના મૂળ સુધી જવા માંગે છે. વિનયના કબજામાંથી જે કંપનીઓનો ડેટા મળી આવ્યો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. ડેટાના વિશ્લેષણના આધારે, સાયબરાબાદ પોલીસે કુલ ૨૧ સંસ્થાઓને નોટિસ જારી કરી અને તેમને આપેલી તારીખો ઉપર સાયબરાબાદ કમિશનરેટમાં હાજર રહેવા કહ્યું છે. કંપનીઓને તેમના ડેટાબેઝમાંથી ખરેખર ચોરી કરવામાં આવી છે કે કેમ તે ચકાસવા માટે પુનઃ પ્રાપ્ત થયેલ ડેટા બતાવવામાં આવશે. ત્યારપછી પોલીસ સંસ્થાઓ સાથે મળીને ડેટાની ચોરી ક્યાં થઈ છે તે શોધવા માટે કામ કરશે. સાયબરાબાદ પોલીસ દ્વારા બોલાવવામાં આવેલી ઘણી કંપનીઓ તેમના સર્વરમાંથી સંભવિત ડેટા લીક વિશે જાણતી ન હતી. જ્યારે કેટલાકે ડેટાની ચોરીનો ઈનકાર કર્યો હતો, ત્યારે તેઓ એ જાણીને ચોંકી ગયા હતા કે એકત્રિત કરવામાં આવેલ ડેટા તેમના ડેટાબેઝના જ ફોર્મેટમાં હતો. ડેટામાં એપ ડાઉનલોડ કરતી વખતે અથવા બેંકો અથવા અન્ય સંસ્થાઓની સેવા માટે સાઈન અપ કરતી વખતે ગ્રાહકો દ્વારા દાખલ કરવામાં આવેલી વિવિધ પ્રકારની વ્યક્તિગત માહિતીનો સમાવેશ થાય છે. વિનય પાસે બાયજુસ અને વેદાંતુમાં નોંધાયેલા વિદ્યાર્થીઓનો ડેટા, સમગ્ર મહાનગરોમાં ૧.૮૪ લાખ કેબ યુઝર્સ સંબંધિત માહિતી, છ શહેરો અને ગુજરાત રાજ્યના પગારદાર કર્મચારીઓનો ડેટા, ગ્રાહકની વિગતો જેવી કે સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, ઈમેલ આઈડી વગેરે છે. ડેટામાં જાહેર કરાયેલ આવક, પ્રથમ સ્વાઈપ રકમ, બીજી સ્વાઈપ રકમ, બેંક કોડ, શૈક્ષણિક પૃષ્ઠભૂમિ, વૈવાહિક સ્થિતિ વગેરે જેવી સંવેદનશીલ માહિતીનો પણ સમાવેશ થાય છે. ટેક્નોલોજિસ્ટ એલ. શ્રીકાંતે જણાવ્યું હતું કે અંદાજિત સંખ્યાઓ અને ઘણી કંપનીઓનો ડેટા લીક થયો હોવાનો દાવો કદાચ સંપૂર્ણ રીતે સાચો ન હોય. ભારતમાં, નકલી ડેટા જનરેટ કરવા માટે લોકોને રોજગારી આપતી 'ડેટા ફેક્ટરી શોપ્સ' અસામાન્ય નથી. વર્તમાન કિસ્સામાં, સંભવ છે કે આ અમુક ડેટા અસલી હોઈ શકે, પણ તેમાંથી મોટા ભાગના નકલી પણ છે.




**ડેટા ચોરી કેવી રીતે થાય છે ?**

પોલીસના જણાવ્યા અનુસાર, તેની ત્રણ મુખ્ય રીતો છે જેમાં કંપનીઓમાંથી ડેટા ચોરવામાં આવે છે અથવા લીક થાય છે.

● જ્યારે કંપનીના ડેટાબેઝ સાથે ચેડાં થાય છે. આવું ત્યારે થાય છે જ્યારે હેકર્સ ડેટા ચોરી કરવાના ઈરાદાથી ડેટાબેઝમાં હેક કરે છે અથવા એકત્રિત કરેલા ડેટાના બદલામાં ખંડણી માંગે છે. ઉદાહરણ તરીકે, ઈ-ગ્રોસરી સ્ટાર્ટઅપ બિગ બાસ્કેટ નવેમ્બર ૨૦૨૦માં સ્વીકાર્યું હતું કે તેમને સુરક્ષા ભંગનો સામનો કરવો પડ્યો હતો જેના કારણે લગભગ ૨૦ મિલિયન વપરાશકર્તાઓના ડેટા સાથે ચેડાં થયા હતા.

● જ્યારે સંસ્થાના કર્મચારી, જેમની પાસે ડેટાની ઍક્સેસ છે તે નોકરીદાતાની જાણ વગર તેને વેચે છે.

● સંસ્થા દ્વારા ભાડે રાખેલા તૃતીય-પક્ષ વિક્રેતાઓ પાસેથી પણ ડેટા લીક થઈ શકે છે. વેન્ડર્સને વેરિફિકેશન પ્રક્રિયાઓ અથવા અન્ય કાર્યો કરવા માટે ભાડે રાખી શકાય છે જેના માટે કંપનીનો ડેટા તેમની સાથે શેર કરવામાં આવે છે. પોલીસના જણાવ્યા અનુસાર, કંપનીઓએ ગ્રાહકોને માહિતી આપવી ફરજિયાત છે કે જ્યારે તેમનો ડેટા તૃતીય-પક્ષ વિક્રેતા સાથે શેર કરવામાં આવે છે, ત્યારે પ્રક્રિયા સરળતાથી બાય-પાસ થાય છે.

સાયબરાબાદના પોલીસ કમિશનર સ્ટીફન રવિન્દ્રએ ચોરાયેલા ડેટાનો દુરૂપયોગર કેવી રીતે થઈ શકે તેની રૂપરેખા આપી હતી. ડેટા ચોરીના અન્ય સમાન કેસમાં ગયા મહિને સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી, તેમણે કહ્યું હતું કે, સંરક્ષણ અને સરકારી કર્મચારીઓના ડેટાનો ઉપયોગ જાસૂસી અને નકલ માટે થઈ શકે છે અને તે રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકી શકે છે. પાનકાર્ડ સંબંધિત ડેટાનો ઉપયોગ ગંભીર ગુના કરવા માટે થઈ શકે છે. પોલીસ માને છે કે થોડીક કાળજી લઈને ડેટાને સુરક્ષિત કરી શકાય છે. ફક્ત વિશ્વાસપાત્ર એપ્સ ડાઉનલોડ કરો અને એપ્સ દ્વારા વિનંતી કરાયેલી બિનજરૂરી પરવાનગીઓને એક્સેસ કરશો નહીં. રોકાણ, ટ્રેડિંગ, લોન અને મેટ્રિમોનિયલ એપ્સ અને વેબસાઈટ ડેટા ચોરીનું સામાન્ય લક્ષ્ય હોય છે.

સાયબરાબાદ પોલીસ આ ડેટા લીકના મૂળને શોધી રહી છે. પરંતુ શ્રીકાંત માને છે કે ડેટા ચોરીના કેસમાં સંપૂર્ણ ટ્રેસીબિલિટી મુશ્કેલ છે. તપાસ ચાલુ હોવા છતાં, પોલીસ માટે સૌથી મોટો પડકાર એ છે કે તેઓ વિનય ભારદ્વાજથી શરૂ થયેલી સાંકળમાં માત્ર ચોથા સ્તર સુધી જ પહોંચી શક્યા છે. આ સાંકળ ખૂબ લાંબી છે અને તપાસ માટે સમય માંગી લે છે. પોલીસના જણાવ્યા અનુસાર, મોટાભાગની કંપનીઓ જે ડેટા એકત્રિત કરે છે તે વ્યવસાયિક હેતુઓ માટે આવું કરે છે. ડેટા ચોરીની આ ઘટનાઓ મહત્વ ધરાવે છે કારણ કે ભારતમાં હજુ પણ ડેટા સંરક્ષણ કાયદો નથી. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ, ૨૦૨૨ હજુ સુધી સંસદમાં રજૂ કરવામાં આવ્યું નથી. ઘણા નિષ્ણાંતો માને છે કે જો મજબૂત ડેટા સંરક્ષણ કાયદો પસાર કરવામાં આવે તો પણ તેનો અમલીકરણ હજુ પણ એક પડકાર રહેશે. આવા ડેટા લીકને રોકવા માટે શ્રેષ્ઠ પ્રથાઓ અને પ્રક્રિયાઓ વિકસાવવી શ્રેષ્ઠ છે.

# ગુજરાતીઓને ઠગ કહેવા બદલ બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે મેટ્રો કોર્ટમાં ફરિયાદ : પહેલી મેએ વધુ સુનાવણી

## રાહુલ ગાંધી, અરવિંદ કેજરીવાલ બાદ ગુજરાતમાં વધુ એક નેતા સામે કોર્ટમાં કેસ દાખલ



અમદાવાદ, તા.૨૯

ગુજરાતીઓને ઠગ કહેવાના આરોપસર બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે મેટ્રો કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે અંગેની વધુ સુનાવણી આગામી પહેલી મેના રોજ હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બાદ ગુજરાતમાં વધુ એક નેતા ઉપર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેજસ્વી યાદવના ઠગવાળા નિવેદન બદલ તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. હરેશ મહેતા નામક વ્યક્તિ દ્વારા કોર્ટમાં આ અંગે કેસ દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગુજરાતીઓ વિરૂદ્ધ ઠગ, ધૂર્ત સહિતના અશોભનિય શબ્દપ્રયોગ કરવા એ અપમાનાજનક છે. ફરિયાદમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, જાહેર માધ્યમોથી આવા નિવદેનો કરવાથી લોકોનો ગુજરાતની પ્રજા પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાયો છે. ફરિયાદમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, તેજસ્વી યાદવ દ્વારા સભાન અવસ્થામાં ગુજરાતીઓનું અપમાન કરવામાં આવ્યું હતું. તેજસ્વી યાદવે ગત ૨૨મી માર્ચ ૨૦૨૩ના રોજ આ વિવાદાસ્પદ નિવેદન આપ્યુંહતું. અરજદારે તેજસ્વી યાદવ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ અને ૫૦૦ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, એક રાજયના નાયબ મુખ્યમંત્રીનું પદ ભોગવતા હોવાને કારણે આવી જવાબદાર વ્યક્તિ દ્વારા આ પ્રકારનું નિવેદન અયોગ્ય છે. તેજસ્વી યાદવ સામે આ મામલે કડક કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે. આ અંગેની વધુ સુનાવણી આગામી પહેલી મેના રોજ હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનિય છે કે, મોદી અટક અંગે ટિપ્પણી કરવા બદલ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે સુરતની કોર્ટમાં કેસ ચાલી જતાં તેમને દોષિત ઠેરવી બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી. જેથી રાહુલ ગાંધીનો સાંસદપદ ગુમાવવાનો વારો આવ્યો છે. રાહુલ ગાંધી દ્વારા આ સજા સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. તેમજ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે ગુજરાત યુનિવર્સિટી દ્વારા માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. અમદાવાદની કોર્ટે આ મામલે ૨૩મી મેના રોજ કેજરીવાલને હાજર રહેવા જણાવ્યું છે.

# રાજયની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યો, શિક્ષકો, ક્લાર્ક સહિતની ખૂટતી જગ્યાઓ ભરવા માંગણી

અમદાવાદ તા.૨૯

કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ મુજબ નર્સરી, જુનિયર કે.જી., સિનિયર કે.જી., ધોરણ-૧ તથા ધોરણ-૨ના ફાઉન્ડેશન કોર્સ માટે પ્રાયમરી શાળાઓમાં શિક્ષકો તૈયાર કરવા જોઈએ એ અંગે શિક્ષણ વિભાગનું આયોજન દેખાતું નથી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યો અને શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી. ગ્રાન્ટેડ શાળાઓમાં ખૂટતા શિક્ષકોની ભરતી કરવાને બદલે પ્રવાસી શિક્ષકો દ્વારા કામગીરી કરાવવામાં આવે છે એ યોગ્ય નથી. વારંવાર ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો શિક્ષકો, ક્લાર્ક, પટાવાળા, ડ્રોઈંગ ટીચર, પી.ટી. ટીચર તેમજ લાઈબ્રેરીયન જેવી ખાલી જગ્યાઓ ભરવા અંગે રજૂઆત કરવા છતાં સરકાર તરફથી યોગ્ય કાર્યવાહી આજદિન સુધી કરવામાં આવેલ નથી. લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકોની ભરતી બાબતે બંધારણ અધિકાર તરાપ મારવાથી નવી ભરતી થઈ શકતી નથી. હાઈકોર્ટમાં મેટર હોવાથી યોગ્ય નિર્ણય શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવતો નથી. હાલમાં ગુજરાત સરકાર તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત સુવિધા સભર શિક્ષણ મળે એ હેતુસર ધોરણ-૬થી ધોરણ-૧૨ માટે જ્ઞાન સેતુ ડે સ્કૂલ સ્થાપવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકાર બે લાખ વિદ્યાર્થીઓમાં ૪૦૦ જેટલા જ્ઞાન સેતુ ડે સ્કૂલો શરૂ કરવા માંગે છે. તેજસ્વી વિદ્યાર્થી દીઠ, રૂા.૨૦,૦૦૦/- જેટલી રકમ ખાનગી શાળાઓને આપશે. આમ સરકાર ખાનગીકરણ તરફ જઈ રહી છે. સરકારના આ નિર્ણયથી ગરીબ અને મધ્યમ વર્ગ માટે ચાલતી ગ્રાન્ટેડ શાળાઓની સંખ્યા ઉપર અસર થશે તથા શિક્ષકો સરપ્લસ થશે.

અમારી માંગણી છે કે, સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ક્વોલીફાઈડ શિક્ષકો છે એમને વધુ સુવિધાઓ આપવી, સંચાલકોની માંગણી મુજબ આચાર્યો, શિક્ષકો, ક્લાર્ક, પટાવાળા, ડ્રોઈંગ ટીચર, પીટી ટીચર, લાઈબ્રેરીયનની તમામ ખૂટતી જગ્યાઓની ભરતી કરવી જોઈએ. જે ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એવી ટ્રસ્ટ સંચાલિત શાળાઓને ગ્રાન્ટ ફાળવવી જોઈએ. સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ તથા ટ્રસ્ટ સંચાલિત પ્રાયમરી શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિત માટે શિક્ષણની તમામ સુવિધાઓ પૂરી પાડવા શિક્ષણમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

## રાજ્યમાં દવા બનાવતી કંપનીઓને લઈને સમાચાર

# ગુજરાતની ૩૫ ફાર્મા કંપનીના ૪૨ દવાઓના સેમ્પલ ફેલ

## CDSCO દ્વારા દેશમાંથી ફાર્મા કંપનીમાંથી એન્ટિબાયોટિક, વિટામિન સહિત દવાના નમૂના લેવાયા

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં દવા બનાવતી કંપનીઓને લઈને એક ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. આ રિપોર્ટના લીધે દવા બનાવતી કંપનીઓમાં જાણે ભયનો માહોલ સર્જાયો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં ૩૫ દવા બનાવતી કંપનીની ૪૨ દવાના નમૂના ફેલ થયા છે. રાજ્યમાં દવા બનવાતી ફાર્મા કંપનીમાંથી ગત વર્ષના જાન્યુઆરીથી આ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૩ના સમયગાળા દરમ્યાન દવાના નમૂના લેવામાં આવ્યા હતા. આ દવાની તપાસ કર્યા બાદ જાહેર કરેલા રિપોર્ટમાં ૪૨ દવાના નમૂના ફેલ ગયા હતા. સીડીએસસીઓએ દેશમાંથી ૬૮૦ જેટલા દવાના નમૂના લીધા હતા. ફાર્મા કંપનીમાંથી એન્ટિબાયોટિક, વિટામિન સહિતની દવાઓના નમૂના લેવામાં આવ્યા હતા. રાજયની ૩૫ જેટલી ફાર્મા કંપનીની દવાના નમૂના ફેલ થયા હતા. હાલના સમયમાં નશીલી દવાનુ ચલણ વધી ગયુ હોવાના કારણે કેન્દ્રીય નાર્કોટિક્સ વિભાગે દરોડા પાડી રહ્યુ છે અને આવી દવાઓ જપ્ત કરી રહ્યું છે. આ અગાઉ અમદાવાદ શહેરમાં પણ નશામાં વપરાતી દવાઓનો મોટી માત્રામાં જથ્થો ઝડપાયો હતો. આ ઝડપાયેલી દવાઓની કિંમત આશરે ૨૦ કરોડથી વધુ હતી.

# રખડતા કૂતરાઓની વસ્તીને નિયંત્રિત કરવા કરવા ઉઠતી માંગણી

## રખડતા કૂતરાઓ દ્વારા કરવામાં આવતા હુમલા સામાન્ય બનતા લોકોમાં ભયની લાગણી

નવી દિલ્હી, તા.૨૯

ભારતભરના સર્વેક્ષણમાં ૭૯ ટકા જેટલા ઉત્તરદાતાઓએ કહ્યું છે કે તેમના વિસ્તારોમાં રખડતા કૂતરાઓ દ્વારા કરવામાં આવતા હુમલા સામાન્ય બની ગયા છે. ઉત્તરદાતાઓની આ સમાન ટકાવારીનો અભિપ્રાય હતો કે તેમના વિસ્તારમાં મ્યુનિસિપલ સત્તાવાળાઓ સંપૂર્ણ નિષ્ક્રિય છે, અને તેઓ ઈનોક્યુલેશન હાથ ધરવા અને પશુબચાવ કેન્દ્રોમાં સ્થાનાંતરિત કરવા તેમજ પાળતુ પ્રાણીઓની નોંધણી કરવા માટે કામ કરતાં નથી.

લોકલ સર્કલ્સ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ, માત્ર ૭ ટકા લોકો માને છે કે મ્યુનિસિપલ સત્તાવાળાઓ રખડતા અને પાળેલા કૂતરાઓ બંનેનું અસરકારક રીતે સંચાલન કરે છે. આ અભ્યાસમાં ૩૨૬ જિલ્લાઓના રહેવાસીઓમાં - ૬૭ ટકા પુરૂષો અને ૩૩ ટકા મહિલાઓ સાથે ૫૩,૦૦૦થી વધુ પ્રતિભાવો એકત્રિત કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં, સ્ટેટ ઓફ પેટ હોમલેસનેસ ઈન્ડેક્સ ડેટાનો અંદાજ છે કે ભારતમાં લગભગ ૬.૨ કરોડ રખડતા કૂતરા અને ૯૧ લાખ બિલાડીઓ છે. છેલ્લા છ મહિનામાં ૪૫,૦૦૦થી વધુ કૂતરા કરડવાના કેસ દિલ્હીમાં નોંધાયા છે. ગયા વર્ષે ચોમાસા સત્ર દરમ્યાન કેન્દ્ર દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, તમિલનાડુ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં રખડતા કૂતરાના કરડવાના સૌથી વધુ બનાવો બન્યા હતા. ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ રખડતા કૂતરા છે, ત્યારબાદ ઓડિશા, મહારાષ્ટ્ર અને રાજસ્થાન આવે છે. નાગરિકોના અનુભવો અને ચિંતાઓ જાણવા માટે તેમજ રખડતા કૂતરા કરડવાની સમસ્યાના ચોક્કસ ઉકેલો ઓળખવા માટેના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે માત્ર ૧૦ ટકા લોકોએ જણાવ્યું હતું કે તેમની મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સ્થાનિક સંસ્થા રખડતા કૂતરાઓના સંચાલનમાં અસરકારક કામગીરી કરે છે. છેલ્લા સર્વેમાં આ ટકાવારી સમાન હતી. લોકલ સર્કલ્સના પ્રકાશનમાં જણાવ્યું હતું કે, કેટલીક સ્થાનિક સંસ્થાઓએ પાળતુ પ્રાણીની નોંધણી ફરજિયાત બનાવી છે, ત્યારે તેનો અમલ શૂન્ય છે. દાખલા તરીકે, નોઈડા એક એવું શહેર છે જ્યાં પાલતુ કૂતરા કરડવાના અને રખડતા કૂતરાના કરડવાના કિસ્સાઓ નિયમિત પણે નોંધાય છે પરંતુ સત્તાવાળાઓ દ્વારા સુધારાત્મક પગલાં લીધા નથી. ૭૧ ટકા ઉત્તરદાતાઓ એ અંગે સંમત થયા હતા કે રખડતા કૂતરા અને પ્રાણીઓના મુદ્દા ઉપર મિશનના ધોરણે કામ કરવું જોઈએ, અને સ્વચ્છ ભારત મિશને આ હેતુ માટે સંસાધનો પ્રદાન કરવા જોઈએ તેમજ રખડતા પશુ વ્યવસ્થાપન અંગે માપદંડ બનાવવો જોઈએ અને શહેરો અને સ્થાનિક સરકારો દ્વારા તે લાગુ કરવો જોઈએ. દરેક વિસ્તારમાં રખડતા પ્રાણીઓની સુવિધાઓ ઉભી કરવા તેમજ રખડતા પ્રાણીઓની હોટલાઈન અને પિક-અપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રોકડ ઉપલબ્ધ કરાવવી જોઈએ અને તેનો ઉપયોગ કરવો જોઈએ. પશુપાલન મંત્રાલય, ભારતના પશુ કલ્યાણ બોર્ડના સહયોગથી, પશુજન્મ નિયંત્રણ નિયમોના નવા સેટના અમલીકરણમાં સ્થાનિક સ્વરાજ્ય (**LSGs**) અને નિવાસી કલ્યાણ સંગઠનો (**RWAs**)ની સહાય મેળવવા રાજ્યોને ૧૦ માર્ચ, ૨૦૨૩ના રોજ સૂચિત કરવામાં આવ્યા હતા, અને રખડતા કૂતરાઓની વસ્તીને નિયંત્રિત કરવા કરવા ભાર મૂકવા માટે પ્રયાસ કરવા માટે કહેવામાં આવ્યું છે.

## હવામાનમાં પલટો : અનેક જગ્યાએ કરા પડયા

અમદાવાદ તા.૨૯

હવામાન વિભાગની માવઠાની આગાહી વચ્ચે રાજયના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે સવારે બનાસકાંઠાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. અહીં સવારે ચોમાસાની જેમ વરસાદ ખાબક્યો હતો. સાથે જ ગાજવીજ સાથે કરા પણ પડ્યા હતા. ધાનેરના બોડર વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. બાપલા, કુંડી, વાછોલ, માંડલમાં કમોસમી વરસાદ પડ્યો છે. ગાજવીજ સાથે વરસાદ થતાં ખેડૂતોના જીવ તાળવે ચોંટ્યા છે. રાજ્યમાં સતત બીજા દિવસે પણ કમોસમી વરસાદ પડ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વઢવાણ તાલુકામાં જોરદાર પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. ભચાઉ તાલુકામાં પણ કમોસમી વરસાદ ખાબક્યો હતો, જ્યારે જામનગર જિલ્લાના લાલપુરમાં કમોસમી વરસાદ પડ્યો હતો. રાજયમાં સતત બીજા દિવસે પણ કમોસમી વરસાદ પડ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વઢવાણ તાલુકામાં જોરદાર પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો.

## તા.૭ મે સુધી ઉમેદવારો કોલલેટર મેળવી શકશે

# રાજ્યમાં તલાટીની પરીક્ષા માટેના કોલલેટર ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં આગામી ૭ મેના રોજ તલાટીની પરીક્ષા યોજાનાર હોઈ તે માટે તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આ પરીક્ષા માટેના કોલલેટર અંગે મહત્વની જાહેરાત પંચાયત પસંદગી મંડળ દ્વારા કરવામાં આવી છે. આ માટેના કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે. પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા તલાટીની પરીક્ષા અંગે તૈયારીઓનો આખરી ઓપ આપવામાં આવ્યો છે. લાંબા સમયથી તલાટીની પરીક્ષાની રાહ જોવામાં આવી રહી હતી. જેના માટે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવારો પાસે સંમતિ પત્ર લેવામાં આવ્યા હતા. જે અનુસંધાને આગામી ૭મે સુધી ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે. રાજ્યભરમાં વિવિધ કેન્દ્રો ખાતે ૭ મેના રોજ બપોરે ૧૨.૩૦થી ૧.૩૦ કલાક વચ્ચે તલાટીની પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં ૮.૬૫ લાખ ઉમેદવારોએ સંમતિ પત્ર આપ્યો હતો. જે ઉમેદવારોએ અગાઉ સંમતિ પત્ર ભર્યા છે તેવા ઉમેદવારો જ કોલ લેટર ડાઉનલોડ થઈ શકશે. તલાટીની પરીક્ષા માટે કુલ ૧૭ લાખમાંથી ૮.૬૫ લાખ વિદ્યાર્થીઓએ સંમતિપત્ર ભર્યા છે, ત્યારે આ ઉમેદવારો જ પરીક્ષા આપી શકશે. તેમજ જેમને સંમતિ પત્ર નથી આપ્યું એમને ફી પરત આપવામાં આવશે નહીં. જે અંગેની સ્પષ્ટતા પણ પસંદગી મંડળ દ્વારા કરી દેવામાં આવી છે.

# વડાપ્રધાન મોદીના 'મન કી બાત'ના ૧૦૦માં એપિસોડના ઉપલક્ષ્યમાં કેન્દ્ર ૧૦૦ રૂપિયાનો સિક્કો જારી કરશે

નવી દિલ્હી તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' આ રવિવાર ૩૦ એપ્રિલે કેન્દ્ર બુધવારથી મન કી બાત ઉપર રાષ્ટ્રીય સંમેલનની સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. કાર્યક્રમના ૧૦૦ એપિસોડને ચિન્હિત કરવા માટે કેન્દ્ર ૧૦૦ રૂપિયાનો સિક્કો પણ જારી કરશે. સિક્કાનો ચલણમાં સામાન્ય સિક્કાઓથી અલગ બતાવવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન મોદીના માસિક રેડિયો પ્રસારણ 'મન કી બાત'ના ૧૦૦ સફળ એપિસોડને ચિન્હિત કરવા માટે જારી કરવાના ૧૦૦ રૂપિયાના સિક્કામાં એક માઈક્રોફોન અને વર્ષ '૨૦૨૩' હશે. સરકાર તરફથી જારી નોટિફિકેશન મુજબ માત્ર ૧૦૦ રૂપિયાનો સિક્કો જ ઢાલવામાં આવશે. સિક્કાનો વ્યાસ ૪૪ મીમી હશે. આ ચાર ધાતુઓથી બનેલો હશે. ૫૦ ટકા ચાંદી, ૪૦ ટકા તાંબું, ૫ ટકા નીકલ અને પાંચ ટકા જસત. સરકારે જણાવ્યું કે સિક્કાના આગળના ભાગમાં અશોક સ્તંભ હશે અને તેની નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. ડાબી અને દેવનાગરીમાં 'ભારત અને જમણી બાજુ અંગ્રેજીમાં **INDIA** લખેલું હશે. સિક્કા ઉપર ૧૦૦ની સાથે રૂપિયાનું નિશાન હશે. ૧૦૦ રૂપિયાનો સિક્કો ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૫માં જારી કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢમાં સવારે વિજળીનાં કડાકા-ભડાકા સાથે વરસાદ તુટી પડયો

## જૂનાગઢ જીલ્લામાં અડધાથી દોઢ ઈંચ કમોસમી વરસાદ : રસ્તા ઉપર પાણી ફરી વળ્યા : કેરીનાં પાકને ભારે નુકશાન









જૂનાગઢ ગીરીવર ગિરનાર ઉપર આજે વહેલી સવારે વરસાદનું જોરદાર જાપટુ પડ્યું હતું. કમોસમી માવઠાથી પાણી વહેતા થયા હતા.

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ર૯

આજે સવારે રાજયનાં અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડયો છે. જૂનાગઢ શહેર તથા જીલ્લામાં પણ ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો છે. આજે સવારે ૬ વાગ્યાનાં અરસામાં વરસાદ પડયો હતો જેથી શહેરનાં માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. કમોસમો વરસાદથી જગતનો તાત ચિંતિત થઈ ગયો છે. કારણ કે સૌરાષ્ટ્ર પંથકમાં માવઠાના લીધે કેસર કેરીને નુકશાન થયું છે. આ ઉપરાંત તલ, એરંડા, રાજગરો, બાજરી, કેરી, દાડમ, સક્કરટેટી, તડબૂચ, ઈસબગોલ, ઘઉં સહિતના પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે.

કમોસમી વરસાદથી માર્કેટિંગ યાર્ડમાં કેરીના બોક્સને પણ ભારે નુકનુસાન થયું છે. જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં રહેલા ૧૫૦૦૦ કેરીના બોક્સ પલળતા કેરીના ઢગલા થયા છે. ચાલુ વરસાદમાં માર્કેટિંગ યાર્ડમાં હરાજી થઈ હતી. ત્યારે હવે નુકનુસાનીનો સર્વે કરી સહાય આપવા સરકાર પાસેમાંગમાં ણી કરાશ હજુ તો ઉનાળો બરાબર તપયો પણ નથી ત્યાં વારંવાર માવઠાના લીધે કેરીનાં પાકને ભારે નુકશાન થયું છે. આ વર્ષે તો માર્ચ મહિનાથી જ માવઠાની સ્થિતિ જોવા મળી છે. હાલ કેસર કેરી જે બજારમાં આવી રહી છે તેનું ફળ પણ ઘણું નાનું છે. છેલ્લા પાંચેક વર્ષથી તાલાલા ગીર પંથકમાં કોઈને કોઈ ઘટનાને કારણે કેસર કેરીનો પાક સતત ઘટી રહયો છે. કમોસમી વરસાદથી ગીર સોમનાથ, ઉના અને ગીર ગઢડામાં તબાહી મચાવી છે.

# જૂનાગઢમાં આવેલ નવાબી કાળની નરસિંહ વિધા મંદિર હાઈસ્કુલમાં શિક્ષકોની નિમણુંક કરવા માંગ




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ર૯

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતી માઈનોરીટી ડીપાર્ટમેન્ટનાં પ્રમુખ શકીલ અહેમદ એ. મુન્શી તથા મહામંત્રી વી.ટી. સીડાએ જૂનાગઢ મનપાનાં કમિશ્નરને એક પત્ર પાઠવી અને રજુઆત કરતાં જણાવેલ છે કે જૂનાગઢ શહેરમાં મધ્યભાગમાં આવેલ નવાબી કાળની નરસિંહ વિદ્યા મંદિર ઉચ્ચતર અને માધ્યમિક શાળાનું શિલાન્યાસ સને ૧૮૮૪માં થયેલ તેમજ સ્થાપના ૧૯૮૬માં 'મહાબત મદ્રાસા'ના નામે થયેલ, જેનું આઝાદી બાદ 'સીટી મિડલ સ્કુલ' નામકરણ થયેલ, તેમજ સને ૧૯૬૦થી 'નરસિંહ વિદ્યા મંદિર હાઈસ્કુલ'નાં નામે ઓળખાતી હાઈસ્કુલ હાલ મહાનગરપાલીકા, જૂનાગઢ સંચાલીત હાઈસ્કુલમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચુકયાં છે. તેમાંથી સેંકડો વિદ્યાર્થીઓ આજે પણ ડોકટર્સ, એન્જીનીયર્સ, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ જેવા અનેક ઉચ્ચ હોદારો ઉપર બિરાજમાન છે. આ હાઈસ્કુલ સમગ્ર જીલ્લામાં ભારે વિખ્યાત છે. જેમાં આજની તારીખે ધો. ૯ થી ૧ર સુધી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનાં કુલ-૪ વર્ગો આવેલા છે. જેમાં ધો. ૯માં ૩૮, ધો. ૧૦માં ૩ર, ધો. ૧૧માં ૫૪ અને ધો. ૧રમાં ૭૩ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૯૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. માધ્યમિક વિભાગમાં કુલ ર શિક્ષકો અને એક આચાર્યથી એમ કુલ ૩ શિક્ષકો છે. જેમાં એક અંગ્રેજી શિક્ષકની ઘટ છે. તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કુલ ૪ શિક્ષકોની જગ્યાએ માત્ર બે શિક્ષકો જ છે. જેમાંથી એક શિક્ષક તા. ૩૧-૧૦-ર૩નાં રોજ નિવૃત થઈ રહયા છે. જેથી કુલ ૩ શિક્ષકોની ઘટ પડશે. શિક્ષકોની ઘટના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ રૂંધાઈ રહયો છે. વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચીત રાખવા તે મુળભુત અધિકારોથી વંચીત રાખવા સમાન છે. આ સ્કુલ શહેરનાં મધ્ય વિસ્તારમાં આસપાસનાં વિદ્યાર્થીઓ માટે ખુબ જ વધુ સાનુકુળ છે.

દરમ્યાન આધારભુત સુત્રો મારફતે આ સ્કુલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ બંધ કરવાની જાણકારી મળી છે. જોકે આવું ન થાય તેમજ ઘટતા શિક્ષકોની ખુલતા સત્રમાં ભરતી કરવામાં (જયાં સુધી કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી સરકારી નિયમોનુસાર પ્રવાસી શિક્ષકો આપવામાં) આવે તેમજ શિક્ષણનું સ્તર ઉંચુ લાવવામાં આવે, તેવી ભારપૂર્વક લાગણી અને માંગણી છે. તેમજ આસપાસનાં બાળકો શિક્ષણથી વંચિત ન રહે, તેના માટે રાજય તેમજ કેન્દ્ર સરકાર પણ ખુબ જ ચિંતીત છે. જે ભાગરૂપે આ અંગે તુરત વહેલામાં વહેલી તકે યોગ્ય ઘટતું કરવા માંગણી કરી છે. જે દેશનું આવતીકાલનું ભાવી ભવિષ્ય છે તેવા વિદ્યાર્થીઓ અને બાળકોનાં હિતમાં આ માંગણી સ્વીકારવામાં નહી આવે તો ના છુટકે પૂ. મહાત્મા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.

# મહામંડલેશ્વર પુ.જગજીવનદાસબાપુ દ્વારા યોજાઈ રહેલ ભાગવત સપ્તાહમાં ભાવિકોએ લીધો કથાનો લાભ






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.ર૯ : જૂનાગઢ સદગુરૂ શ્રી ત્રિકમદાસબાપુની ભજન ભૂમિશ્રી ભગવત ગુરૂ આશ્રમ(સુર્યમંદિર) પુ. ભગવાનદાસબાપુની ૭૫મી નિવાર્ણ તિથી નિમિતે સદગુરૂ ભાવવંદના અંતર્ગત શ્રી રામવાડી ખલીલપુર ચોકડી બાયપાસ જૂનાગઢ ખાતે મહામંડલેશ્વર પુ.જગજીવનદાસબાપુ દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. જેમાં શાસ્ત્રી અશોકભાઈ જોષી કથાનું રસપાન કરાવી રહ્યા છે. દરરોજ સવારે ૯ થી ૧ર અને બપોરે ૪ થી ૭ ચાલતી આ કથામાં બહોળી સંખ્યામાં ભાવિકો કથા શ્રવણનો લાભ લે છે. ગુરૂવારે પ્રારંભ થયેલ આ કથાના બીજા દિવસે શહેર ભાજપના પ્રમુખ પુનિતભાઈ શર્મા, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન હરેશભાઈ પરસાણા, કોર્પોરેટર ધર્મેશભાઈ પોશીયા, મહામંત્રી સંજયભાઈ મણવર, હસમુખભાઈ ખેરાળા, ભરતભાઈ કારેણા સહિતાનાનું પુ. જગજીવનદાસબાપુએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને રાત્રે યોજાયેલ સંતવાણીના કાર્યક્રમમાં મયુર દવેએ મારા વડવાળા દેવની ધોળી ધજાયુ ગીત રજુ કરતા પુ. જગજીવનદાસબાપુ અને સેવક પરિવારે ચલણી નોટોનો વરસાદ વરસાવી પ્રોત્સાહીત કરેલ હતા. આજે સાંજે ૬ કલાકે કથામાં નૃસિંહ પ્રાગટય થશે અને રાત્રે ૯ કલાકે સંતવાણીના કાર્યક્રમમાં લક્ષ્મણ બારોટ, જયદિપ સોની, પિયુષ મિસ્ત્રી જમાવટ કરશે.

# જૂનાગઢ નરસિંહ મહેતા તળાવનાં બ્યુટીફીકેશન મુદે રાજય તકેદારી પંચ સમક્ષ રજુઆત કરાશે : વીજીલન્સ તપાસની માંગણી પણ થશે

જૂનાગઢ તા. ર૯

જૂનાગઢ શહેરમાં નરસિંહ મહેતા સરોવર બ્યુટીફીકેશનનાં મુદે શહેરનાં વિવિધ રાજકીય જૂથો વચ્ચે રાજકીય યુધ્ધ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે જયારથી બ્યુટીફીકેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારથી કોઈને કોઈ મુદે રાજકીય નિવેદનબાજી અને આક્ષેપો - પ્રતિઆક્ષેપોનો મારો થઈ રહયો છે. શરૂઆતમાં જૂનાગઢનાં કેટલાક જાગૃત નાગરીકોએ એવો આક્ષેપ કર્યો હતો કે, તળાવમાં બહારથી માટી લાવીને તળાવ બુરવામાં આવી રહયું છે જે કાર્યવાહી ટેકનીકલી ગેરકાનૂની છે. તેમજ તળાવમાં રહેલા જળચરનાં સ્થળાંતરનાં પ્રશ્ને પણ અનિશ્ચિતતાની સ્થિતિ છે તેની સામે જૂનાગઢ મનપાનાં સતાધિશોએ પત્રકાર પરીષદમાં વિગતો જાહેર કરી હતી અને બ્યુટીફીકેશન કેવું હશે તેના ફોટા દર્શાવ્યા હતા. પરંતુ મનપાનાં સત્તાધિશોએ નરસિંહ મહેતા સરોવરનાં બ્યુટીફીકેશનનો સમગ્ર ડીટેલ પ્લાન જાહેર કર્યો નથી જે શંકાસ્પદ છે. કારણ કે ડીટેલ પ્લાનમાં જ સમગ્ર વિગતો દર્શાવવામાં આવતી હોય છે. ટેન્ડર પ્રક્રિયાની વિગતો પણ જાહેર કરવામાં આવી નથી જે બાબતે પણ અનેક સવાલો ઉઠી રહયા છે. જયારે ગઈકાલે પણ કોંગ્રેસ, એનસીપી અને આમઆદમી પાર્ટીએ નરસિંહ મહેતા સરોવરની મુલાકાત લઈ મિડીયા સમક્ષ સવાલો ઉપસ્થિત કર્યા હતા. જેમાં કોંગ્રેસ પક્ષનાં કોર્પોરેટર લલીતભાઈ પરસાણાએ એવો આક્ષેપ કર્યો હતો કે, નરસિંહ મહેતા સરોવર બ્યુટીફીકેશનનો કોઈ પ્લાન નકશો જ નથી જો હોય તો પ્રજા સમક્ષ રજુ કરવા જોઈએ. શા માટે અત્યાર સુધી સમગ્ર વિગતો જાહેર કરી નથી. અગાઉ પણ મનપાનાં શાસકોએ દામોદરકુંડનાં કામોમાં કરોડોનો ખર્ચ બતાવી પવિત્ર દામોદરકુંડને સ્વીમીંગ પુલ બનાવી લોકોની ધાર્મિક આસ્થા સાથે ખીલવાડ કર્યો હતો. ત્યારે તળાવના બ્યુટીફીકેશનનાં કામમાં પણ મનપાના સત્તાધિશો વિગતો આપવામાં નિષ્ફળ રહયા છે. તેમજ સત્તાધિશોનાં અણઘડ મનસ્વી નિર્ણયોને કારણે તળાવ વિસ્તારોનાં વેપારીઓનાં ધંધા પણ ચોપટ થઈ ગયા છે તેવો આક્ષેપ પણ થઈ રહયો છે.

દરમ્યાનમાં તળાવનાં બ્યુટીફીકેશનનો મુદો જૂનાગઢમાં ચર્ચા અને વિવાદનું કેન્દ્ર બની ગયો છે. જયારથી બ્યુટીફીકેશનની કાર્યવાહી શરૂ થઈ છે ત્યારથી કોઈને કોઈ વિવાદ સર્જાય રહયો છે. રસ્તાને એક માર્ગીય કરવાનો વિવાદ, ફેન્સીંગ વિવાદ, ડીમોલીશનની કાર્યવાહી, માટી નાખવાની કાર્યવાહી, પ્લાન નકશા જાહેર નહી કરવાની નીતિ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને જૂનાગઢ શહેરનાં કેટલાક જાગૃત નાગરીકો તેમજ આરટીઆઈ એકટીવીસ્ટોએ રાજય તકેદારી આયોગ સમક્ષ આ સમગ્ર મામલો લઈ જવાની તૈયારી કરી હોવાનું જાણવા મળી રહયું છે તેમજ વીજીલન્સ તપાસ પણ માંગવામાં આવશે તેવું જાણવામળેલ છે અને પર્યાવરણ સહિતનાં મુદે હાઈકોર્ટનાં દ્વાર પણ ખખડાવવામાં આવશે તેવું જાણકાર વર્તુળોમાં ચર્ચાઈ રહયું છે.

# જૂનાગઢની મહિલાને રાજકોટનાં સાસરીયાએ ત્રાસ આપ્યાની નોંધાવી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ર૯

રોમા નિકુંજભાઈ સેજપાલ રહે. વાંઝાવાડ જૂનાગઢને રાજકોટ રહેતા સાસરીયા પક્ષનાં નિકુંજ સેજપાલ, પાયલ જયદીપભાઈ, મીના કૌશિકભાઈ છગ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં જણાવેલ છે કે તેનાં પતિ તથા નણંદ પાયલબેને મળી નાની નાની બાબતે ઢોર માર મારી માનસીક ત્રાસ આપી તથા નિકુંજને બાળક જોતું ન હોય અને મોજમજા કરવી હોય તેવું બોલી રોમાબેનને માનસીક ત્રાસ આપી તેમજ બાળકને અનાથ આશ્રમમાં મુકીશ તો જ સમાધાન કરીશ મને તને લઈ જાય. બાકી તું જોતી નથી તેમ કહી રોમાબેનને મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી હોવાની ફરીયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

**જૂનાગઢ : અકસ્માતે ઈજા**

જૂનાગઢનાં શાંતેશ્વર રોડ વેસ્ટર્ન પાર્ટીપ્લોટ પાસે અજાણ્યા ફોર વ્હીલ નં. જીજે-૧૧-સીજી ૫૩૦૪નાં ચાલકે કેયુરભાઈ કેશુભાઈ લાખાણીની મોટર સાયકલને ભટકાવી પગમાં ઈજા ફ્રેકચર કરી ડાબા હાથમાં ઈજા કરી નાસી ગયાની બી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.